Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:104 Dt.11-02-2021 (Thursday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

અમારી રાજનીતિમાં રાષ્ટ્રહિત સર્વોપરી : વડાપ્રધાન

દિનદયાળજીના વિચારો આજે પણ પ્રાસંગિક અને પ્રેરણારૂપ

પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ પર ખાસ સંબોધન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
નવી દિલ્હી, તા.૧૧

પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા ખાસ સમારંભમાં સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, અમારી રાજનીતિમાં રાષ્ટ્રહિત જ સર્વોપરી છે. અમારી વિચારધારા દેશ અને દેશહિતની છે આજે દેશ સુરક્ષા સહિતના તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવા ઝડપથી આગળ વધી રહયો છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, આપણી વિદેશ નીતિ બિલકુલ દબાણ મુકત છે. જેમ કે અમારી સરકારની રાજનીતીમાં દેશનું હિત સર્વોચ્ચ સ્થાને છે. કેમ કે બહુમતીથી તો સરકારો ચાલે પણ દેશ હંમેશા સર્વ સમતીથી ચાલતો હોય છે. એટલે જ અમે બધાને સાથે રાખીને મુશ્કેલ નિર્ણયો લીધા છે.

તેમણે કોંગ્રેસ પર આડતકરો કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, અમારી પાર્ટીમાં વંશવાદ નહીં પણ કાર્યકરોને તક આપવાની નીતિ સર્વોચ્ચ સ્થાને રહી છે. તેમણે પંડિત દિનદયાળજીનું સ્મરણ કરતા જણાવ્યું હતું કે, દિનદયાળજીના વિચારો આજના સમયમાં પણ પ્રાસંગિક છે અને તમામ માટે પ્રેરણારૂપ છે. એમનું આખુ જીવન પ્રેરણારૂપ રહયું છે. સત્તાનું સનમાન દરેક જગ્યાએ થતું નથી. પરંતુ એક વિદ્વાનનું સનમાન તો દરેક જગ્યાએ થતું હોય છે.

ભાજપ દ્વારા રાજધાનીમાં દીન દયાળજીની પુણ્યતીથી નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજાયો હતો આ પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા સહિતના ભાજપના ટોચના આગેવાનો આને કેન્દ્રીય મંત્રીઓએ હાજરી આપી હતી. સહુ પ્રથમ વડાપ્રધાને પંડિતજીની તસ્વીરને નમન કરી પુષ્પાજલી અર્પણ કરી હતી.

દેશભરમાં આજે ભાજપ દ્વારા પંડિતજીની પુણ્યતીથીની સંકલ્પદિન તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે.

બહુમતીથી સરકાર ચાલે પણ દેશ સર્વ સંમતીથી જ ચાલે, અમે મુશ્કેલ સમયમાં બધાને સાથે રાખીને નિર્ણયો લીધા છે

લદાખથી ચીની સેના પીછેહઠ કરશે : સંરક્ષણ મંત્રી

એલએસી પરની પરિસ્થિતિ અંગે રાજયસભામાં રાજનાથસિંહનું નિવેદન

શાંતિ ખાતર સેનાઓ પાછી હટી રહી છે આપણે મજબુત સ્થિતિમાં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
નવી દિલ્હી, તા.૧૧

ચીન સાથેની અશાંતી ગ્રસ્ત એલએસી પરની પરિસ્થિતિ અંગે રાજયસભામાં દેશને માહિતગાર કરતા સરક્ષણમંત્રી રાજનાથસિંહે સ્પષ્ટ પડકાર કર્યો હતો કે, આપણી જમીનનો એક ટુકડો પણ હવે ચીન આપણી પાસેથી લઇ શકશે નહીં. સરહદ પર આપણી સ્થિતિ મજબુત છે અને ચીની દળોના અતિક્રમણના અનેક પ્રયાસો તથા ઘુષણ ખોરીને ભારતીયો જવાનોએ મારી હટાવ્યા છે.

સાંસદો સમક્ષ એલએસીની પરિસ્થિતિનો ચિતાર આપતા રક્ષામંત્રીએ જણાવ્યું હતું કે, ૧૯૬૨થી એલએસી પર ચીનની દખલ ચાલુ છે. આપણો હજારો કીલોમીટરનો વિસ્તાર અગાઉ ગેરકાયદે દબાવી ચુકયા છે. પરંતુ સરહદ પર આપણી

(અનુ.પાના નં.૪ ઉપર)

આજે પણ પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો ઝીંકી દેવાયો : લોકોમાં દેકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
મુંબઇ તા. ૧૧

આજે સતત બીજા દિવસે ભાવ વધતા આજે ફરીથી પેટ્રોલ-ડીઝલના ભાવ નવી ટોચે પહોંચી ગયા હતાં.સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ જારી કરેલા પ્રાઇસ નોટિફિકેશન અનુસાર આજે એક લિટર પેટ્રોલના ભાવમાં ૩૦ પૈસા અને એક લિટર ડીઝલના ભાવમાં ૨૫ પૈસાનો વધારો કર્યો છે. આ સાથે જ દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૮૭.૬૦ રૂપિયા અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૭૭.૭૩ રૂપિયા થયો છે. બીજી તરફ મુંબઈમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૯૪.૧૨ રૂપિયા અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૮૪.૬૩ રૂપિયા થઇ ગયો છે. દરેક રાજયમાં પેટ્રોલ અને ડીઝલ પરના વેટનો દર અલગ અલગ હોવાથી દરેક રાજયમાં પેટ્રોલ-ડીઝલનો ભાવ ભિન્ન હોય છે. પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે માગમાં વધારો થતા અને સમગ્ર વિશ્વમાં કોરોનાની રસી લગાવવાનું શરૂ થઇ ગયું હોવાથી આંતરરાષ્ટ્રીય વેપારમા ફ્રૂડ ઓઇલનો ભાવ ૬૧ ડોલરને પાર થઇ ગયો હોવાથી ભારતની ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારી રહી છે. પેટ્રોલિયમ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આંતરરાષ્ટ્રીય બજારને આધારે ફેરફાર કરવામાં આવે છે.

સ્થાનિક સ્વરાજ ચૂંટણીઓમાં પ્રચાર અભિયાનનો વિધિવત પ્રારંભ

પ્રજાના કામો કરવાના શપથ લેતા છ મનપાના ભાજપ ઉમેદવારો

અમદાવાદના કાંકરીયામાં વિશાળ જન સભા સાથે ભાજપનો નગારે ઘા

પંડિત દિનદયાળજીની પુણ્યતિથિના દિવસથી પ્રચાર જંગનું વ્યૂગલ

મુખ્યમંત્રી રૂપાણી, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને નીતિન પટેલનું સંબોધન, રાજકોટ સહિત તમામ છ મનપાના ભાજપ ઉમેદવારોની જોરશોરથી સંકલ્પ વિધિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૧૧

રાજકોટ અને અમદાવાદ સહિત છ મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટે ભાજપે આજથી વિધિવત જોશ અને ઉત્સાહ સાથે પ્રચાર અભિયાનનો પ્રારંભ કર્યો હતો. તમામ છ મનપાની ચૂંટણીઓના ભાજપના ઉમેદવારોએ આજે પ્રજાના કામો કરવાનો સંકલ્પ લીધો હતો. અને એ સાથે ભાજપે ચૂંટણી જંગમાં નગારે ઘા કરી દીધો છે.

અમદાવાદમાં કાકરીયા ખાતે વિશાળ જન સભા સમક્ષ ભાજપના ઉમેદવારોએ પ્રજાના કામો કરવાનો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ખાસ હાજર રહયા હતા. મુખ્યમંત્રી સહિતના આગેવાનોએ સંકલ્પ લેવડાવ્યા હતા અને વિજયનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. રૂપાણીએ મનપાના ચૂંટણી જંગમાં ભાજપને સફળતા અપાવવા જોસભેર કામે લાગી જવા અને પ્રજા સુધી રાજયના વિકાસના કામોની વિગતો પહોંચાડવા કાર્યકરોને હાકલ કરી હતી.

આજે પંડિત દીન દયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ છે એટલે આજના દિવસથી ભાજપે સંકલ્પ લઇને પ્રચાર જંગમાં ઝુકાવી દીધુ છે અને વિધિવત પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. કાકરીયામાં જંગી જનમેદની ઉમટી પડી હતી. તમામ છ મહાનગરોમાં અલગ-અલગ કાર્યક્રમોમાં ભાજપના ઉમેદવારોએ પ્રજાના

(અનુ.પાના નં.૪ ઉપર)

ખેડૂત આંદોલન ઉગ્ર : ૧૮મી એ દેશવ્યાપી રેલ રોકો

આગામી રવિવારે પુલવામાં શહીદોના માનમાં કેન્ડલ માર્ચ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
નવી દિલ્હી, તા.૧૧

આજે ૭૮માં દિવસમાં પ્રવેશેલા કિસાન આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની કિસાન સંગઠનોએ જાહેરાત કરી છે. ગઇકાલે દિલ્હી બોર્ડર પર યોજાયેલી સયુકત કિસાન મોરચાની બેઠકમાં કિસાન આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ઘોષણા કરવામાં આવી હતી. એ મુજબ મોટો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આગામી તા.૧૮ ફેબ્રુ.ના રોજ દેશભરમાં ચાર કલાક માટે 'રેલ રોકો' આંદોલન કરવમાં આવનાર છે. આવતીકાલે શુક્રવારે

(અનુ.પાના નં.૪ ઉપર)

સુપ્રીમ કોર્ટ મોડી પડી! યુધ્ધ જહાજ વિરાટ ૪૦ ટકા તોડી પડાયું

રાષ્ટ્રીય વિરાસતની કેવી અવદશા, કેન્દ્રો દ્વારા ખુલાસો : સરકારે નૌકા દળને પુછીને યુધ્ધ જહાજ ભંગાર વાડે મોકલ્યું હતું

અલંગમાં જહાજ ખરીદનાર ગૃપ કહે છે, હવે બહુ મોડુ થઇ ગયું, હજારો કરોડનું જહાજ શીપ બ્રેકરે માત્ર ૩૮ કરોડમાં ખરીદ કર્યુ હતું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૧

ત્રણ-ત્રણ દાયકા સુધી નૌકા દળમાં સેવા બજાવનાર વિમાન વાહક યુધ્ધ જહાજ ઈંગજ વિરાટને ભંગારવાળામાં તુટી જતું બચાવવામાં સુપ્રીમ કોર્ટ ઘણી મોડી પડી હોય એવું ચિત્ર ઉભુ થવા પામ્યું છે. અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં જહાજ લાવનાર ગુજરાતી ખરીદારે એવું જણાવ્યું છે કે, વિરાટ યુધ્ધ જહાજ ૪૦ ટકા જેટલુ તોડી પાડવામાં આવ્યું છે. હવે ઘણુ મોડુ થઇ ગયું છે. જેટલા ભાગ અલગ કરવામાં આવ્યા છે. એ ફરીથી જોડી શકાય તેમ નથી. દેશના સાગર કાઠાની અપ્રતીમ સેવા બજાવનાર દેશના નૌકા દળની વિરાસત સમાન યુધ્ધ જહાજના કેવા બે હાલ કરવામાં આવ્યા છે તેનો કોઇ જવાબ એનડીએ સરકાર પાસે નથી.

ગઇકાલે સુપ્રીમ કોર્ટે વિરાટને સગ્રહાલય બનાવવાની એક અરજી પર સુનાવણી બાદ જહાજ તોડવા સામે સ્ટે આપ્યો હતો અને ખરીદનારને પણ નોટીશ પાઠવી હતી. આ જહાજની ખરીદી કરનાર અલંગના શીપ બ્રેકર શ્રી રામ ગૃપના ચેરમેન મુકેશ પટેલે જણાવ્યું હતું કે હવે ઘણુ મોડું થઇ ગયું છે. યુધ્ધ જહાજનો ૪૦ ટકા જેટલો ભાગ ભાંગવામાં આવ્યો છે. હવે એ ફરીથી જોડી શકાય તેમ નથી.

સુપ્રીમ કોર્ટની કોઇ નોટીશ મળ્યાનું પણ શીપ ખરીદારે નકારી કાઢયું હતું. આ ગૃપ દ્વારા સરકાર પાસેથી યુધ્ધ જહાજ રૂ.૩૮.૫૪ કરોડની મામુલી કિંમતમાં ખરીદવામાં આવ્યું હતું. હવે આ શીપ બ્રેકર એવું કહે છે કે, ટુટેલા ભાગો ફરી જોડી શકાય તેમ નથી.

(અનુ.પાના નં.૪ ઉપર)

આઝાદને ઉપરાષ્ટ્રપતિપદની લોલીપોપ?

ઉપરાષ્ટ્રપતિ અથવા રાજયસભાના ચેરમેન બનાવવાની રાજકીય વેતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
નવી દિલ્હી, તા.૧૧

તાજેતરમાં રાજયસભામાં નિવૃત થયેલા કોંગ્રેસના મોસ્ટ સીનિયર નેતા અને કાશ્મીર ખીણના અગ્રણી ગુલામનબી આઝાદની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભરપુર પ્રશંસા કર્યા બાદ દિલ્હીની રાજકીય લોબીમાં જાતજાતની ચર્ચા અને અટકળોની આંધી ફુંકાઇ રહી છે. રાજકીય નિરિક્ષકો એવું માને છે કે, ભાજપ પ્રેરીત એનડીએ સરકાર ગુલામનબી આઝાદને ઉપરાષ્ટ્રપતિપદ યા રાજયસભાના ચેરમેન પદની ઓફર કરવાની અને એ રીતે કોંગ્રેસના વરીષ્ઠ નેતાઓને ખેંચવાની રાજકીય ચાલ અમલમાં મુકવા તૈયારી કરી રહી છે.

અત્રે યાદ કરવું જરૂરી છે કે, કોંગ્રેસમાં ચાલતા વહિવટથી નારાજ જી૨૩ નામે જાણીતા થયેલા અસંતુષ્ઠ નેતાઓની હરોળમાં ટોચનું નામ ગુલામનબી આઝાદનું છે. એટલે મોદીએ વેરેલા પ્રશંસાના ફુલ પાછળ ભાજપનો મોટો રાજકીય વ્યૂહ કારણ ભૂત હોવાનું માનવામાં આવે છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

સલમાન ખાનને સંડોવતા કાળીયાર શિકાર કેસમાં આજે જોધપુર કોર્ટનો ચુકાદો

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

શ્રધ્ધાજંલિ/ બેસણું

જાહેર ખબર પ્રકાર	આવૃતિ	સાઈઝ	ભાવ
બેસણું/શ્રધ્ધાજંલિ	રાજકોટ	5x2	200

5% GST

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

125, સ્ટાર ચેમ્બર,
હરિહર ચોક,
પંચનાથ પ્લોટ,
રાજકોટ-360001

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

Whatsapp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઈપણ ઘટના,સમાચાર,સમસ્યા કે
તસવીરને અમારા સુધી પહોંચાડો.
કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

જનતાનો રોષ જોઇ ભાજપના ઉમેદવારોને ભાગવું પડ્યું : કોંગ્રેસનો આક્ષેપ

વોર્ડમાં ચૂંટણી વખતે જ લોકોની નજરે પડકાયું પરીણામ આવ્યું એ બધાએ જોયુંઃ કોંગ્રેસની પેનલના ઉમેદવારોનો સ્પષ્ટ આક્ષેપ, વોર્ડને ભાજપે ભેટમાં આપ્યા છે માત્ર ગંદકી અને ગુંદકી

હાથના કર્યા ભાજપને હૈયે વાગી રહ્યા હોવાનું નિવેદન કરતા ભરત મકવાણા, મોહન સોજીત્રા, રતનબેન મોરવાડીયા અને કિરણબેન સોનારા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૬ના અનેક વિસ્તારોમાંથી ભાજપના ઉમેદવારોની પેનલને રોષે ભરાયેલા લોકોએ પાછી કાઢી હોવાના અહેવાલો અંગે પ્રતિક્રિયા આપતા વોર્ડ નં.૬ના કોંગ્રેસની પેનલના ઉમેદવારોએ સાફ સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, હાથના કર્યા ભાજપને હૈયે વાગી રહયા છે. તેમણે દાવો કર્યો હતો કે, રાજકોટ મનપામાં લાંબા સમયથી સત્તા ભોગવતા ભાજપના વળતા પાણીનો પ્રારંભ થઇ જવા પામ્યો છે.

વોર્ડ નં.૬ના કોંગ્રેસના ઉમેદવારો ભરતભાઇ મકવાણા, મોહનભાઇ સોજીત્રા, રતનબેન મોરવાડીયા અને કિરણબેન સોનારાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભાજપના ઉમેદવારોને આ વોર્ડમાં લોકોનો પ્રચંડ રોષ જોઇને ભાગવુ ભારે થઇ પડયું હતું. ભાજપના ઉમેદવારો પાંજરાપોળ પાસે ખાડીમાં લોકસંપર્ક માટે પગયાત્રા કરતા એ સમયે ત્યાં સ્થાનીક લોકો ભેગા થઇ ગયા હતા અને ભાજપ સામે ભારે રોષ અને આક્રોશ વ્યકત કરવા લાગ્યા હતા લોકોનો ઉગ્ર મીજાજ જોઇને ભાજપના ઉમેદવારોને પાછા ફરી જવું પડયું હતું. આ ઘટના ભાવીનો સંકેત આપી રહી છે અને ભાવીનો સંકેત એ છે કે, ભાજપે લોકોના મનમાંથી સન્માન અને માન ગુમાવી દીધા છે. લોકોને હવે એમના વચનો પર ભરોસો રહયો નથી. એ કારણે હવે વોર્ડ નં.૬ની સાથે સાથે સમગ્ર મહાનગરની જનતા પરિવર્તન ઇચ્છી રહી હોય એવા મજબુત સંકેતો મળી રહયા છે.

નીવેદનમાં કોંગ્રેસના ઉમેદવારોએ સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, આ વોર્ડના વિકાસ માટે ભાજપે કંઇ જ કર્યુ નથી. વિકાસની મોટીમોટી વાતો કરવામાં આવી છે પણ એ બધી ઢોલમાં પોલ જેવી પુરવાર થઇ છે. વિકાસના કામો પાછલા પાંચ વર્ષમાં જોવા જ નથી મળ્યા એટલુ જ નહીં ભાજપના પૂર્વ કોર્પોરેટરો એમના સમયગાળા દરમ્યાન વોર્ડ નં.૬માં જોવા પણ મળ્યા નથી. એટલે લોકોએ ખીજાઇને એમને લોકોએ અલગ-અલગ વિસ્તારોમાંથી પાછા વાળી જવા મજબુર કર્યા છે. સ્થાનીક લોકો સ્પષ્ટ કહે છે ચૂંટણી વખતે જ કોર્પોરેટરો આવે છે. બાકી એક દિવસ માટે પણ વોર્ડમાં ફરકતા નથી.

ભાજપના વિરોધમાં લોકરોષ આસમાનેઃ વોર્ડનં.૬ના ઉમેદવારો

કોંગ્રેસના ઉમેદવારોએ ટકોર કરી હતી કે, વોર્ડ નં.૬ની જનતાએ ભાજપને વિકાસના રૂપમાં જે આપ્યું છે એ છે ગંદકી અને માત્ર ગંદકી રામનાથ ઘાટ જેવા પવિત્ર સ્થાનને પણ ભાજપે ગંદકીથી મુકત કર્યો નથી. માંડા ડુંગર વિસ્તાર તો એવો છે કે જ્યાં મહિલાઓ જઇ શકતી નથી આવા અનેક મુદ્દાઓ અણ ઉકેલ રહયા છે. જેનો રોષ હવે પ્રજા વ્યકત કરી રહી છે.

જસદણના જુના પીપળીયા ગામે ઝેરી જનાવર કરડી જતા ખેડૂતનું મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૧૧

જસદણના જુના પીપળીયા ગામે ઘઉંના પાકમાં પાણી વાળતા એક ખેડૂતને કોઈ ઝેરી જનાવર કરડી જતાં જસદણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં સારવાર મળે તે પહેલાં આ ખેડૂતનું મૃત્યુ નિપજતાં ખોબા જેવડાં જુનાં પીપળીયા ગામે શોકની કાલિમા છવાઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ જસદણ તાલુકાના જુનાં પીપળીયા ગામે રહેતા પરષોત્તમભાઈ રાજાભાઈ વેકરીયા (ઉ.વ.૫૮) પોતાની વાડીમાં વાવેલા ઘઉંમાં પાણી પીવડાવતા હતાં અને અચાનક કોઈ ઝેરી જાનવર કરડી જતા તાત્કાલિક તેઓને જસદણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતાં પરંતુ મૃતકના શરીરમાં ઝેર એટલી હદે પ્રસરી જતા સારવાર મળે તે પહેલાં આ ખેડૂતનું ફરજ પરના ડોક્ટરએ મુત જાહેર કર્યા હતા. આ બનાવ બનતા જુનાં પીપળીયા ગામે શોકનું મોજું ફરી વળ્યું હતું આ અંગે વધુ તપાસ આટકોટ પોલીસ ચલાવી રહી છે. (૧૨.૧)

ઘઉંમાં પાણી વાળતા સમયે બનેલી ઘટનાથી ગામમાં શોકની લાગણી

રસ્તા બંધ કરી ચૂંટણી કાર્યાલય ખોલાયા!

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ:તા.૧૧

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે રાજકીય પક્ષો દ્વારા જોરશોરથી પ્રચાર શરૂ કરવામાં આવ્યો છે. તમામ વોર્ડમાં મધ્યસ્થ કાર્યાલયોના ઉદ્ઘાટન કરવામાં આવ્યા છે. ભાજપ અને કોંગ્રેસ વોર્ડમાં કાર્યાલય ખોલવા માટે મુખ્યમાર્ગો કલાકો સુધી બંધ કરી દે છે જેના કારણે હજારો વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ તમામ માર્ગો પર સીસીટીવી કેમેરા હોવા છતાં રાજકોટ પોલીસે કોઇ પણ પ્રકારના પગલાં લીધા ન હતા. બન્ને રાજકીય પક્ષોએ સવારથી મુખ્ય રોડ બંધ કર્યો હતો જેના પગલે ત્યાંથી પસાર થતા હજારો વાહનચાલકોએ હાલાકીનો સામનો કર્યો હતો. શહેરમાં ઠેર ઠેર ભાજપ-કોંગ્રેસે શહેરના મુખ્યમાર્ગો બંધ કરી સભાઓ કરી હજારો લોકોને બાનમાં લીધા હતા. ફોર્મ ભરવાની શરૂઆત કરી ત્યારે ભાજપ-કોંગ્રેસે શહેરના મુખ્ય માર્ગ રેસકોર્સ રિંગ રોડ અને ઢેબર રોડ બંધ કર્યા હતા. આ સમયે પોલીસની મંજૂરી લેવામાં આવી હતી, પરંતુ હજારો વાહનચાલકોને ૨૪ કલાક કરતા વધુ સમય ટ્રાફિકમાંથી પસાર થવાની ફરજ પડી હતી. હવે વોર્ડના કાર્યાલય ખોલવા માટે રોડ બંધ કરવામાં આવી રહ્યા છે.

વેલેન્ટાઇન ડે નહી, વસંત પંચમી ઉજવવા અનુરોધ કરતા બ્રહ્મસેનાના અધ્યક્ષ જગદીશ રાવલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

પશ્ચિમી સંસ્કૃતિના ઓછાયા હેઠળ ભારતીય સંસ્કૃતિને ભૂલીને આંધળું અનુકરણ ભયંકર નુકશાન કર્તા છે. આપણી પારિવારિક સંસ્કૃતિથી ઉછરેલ લોક જીવન માનવજીવન સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ ગણાયેલ, સંસ્કારોથી ઘડાયેલ જીવન સામાજીક પારિવારિક, આધાર સ્તંભ છે અને પ્રેમની વિશાળતા, પવિત્રતાને સંકુમિત બનાવીને માત્ર દરેક એક દિવસ-૧૪-ફેબ્રુઆરી-વેલેન્ટાઇન ડે કેમ? પ્રેમ, પશુ, પક્ષી, પ્રાણીઓ તથા પ્રકૃતિ, વનસ્પતિ, વૃક્ષો સાથે પણ થઇ શકે, રાષ્ટ્ર ભૂમિ, જન્મભૂમી સાથે પણ થઇ શકે ! માત્ર યુવાનોને ગેર માર્ગે દોરવાનું પશ્ચિમી આક્રમણથી જાગૃત થવું જરૂરી છે. આપણો પર્વ વસંત પંચમી-વસંત-ફાઈવ ડે ઉજવવા બ્રહ્મસેનાના સ્થાપક-અધ્યક્ષ જગદીશ રાવલ સમગ્ર રાષ્ટ્ર-સમાજને અનુરોધ કરે છે. (૧૩.૧૦)

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

ત્રીજી પુણ્યતિથીએ શ્રદ્ધાજંલી

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા. જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં વિદાય એવી લીધી કે કદી ભુલાય નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

સ્વ.ભરતસિંહ પ્રતાપસિંહ ઝાલા

સ્વ.તા.૧૧.૨.૨૦૧૮ મહાવદ ૧૧ને રવિવાર

લી.

બાલભદ્રસિંહ ઝાલા હરપાલસિંહ ઝાલા

મયુરસિંહ ઝાલા દક્ષરાજસિંહ ઝાલા

રિશિરાજસિંહ ઝાલા

તંત્રી સ્થાનેથી...

રાજકીય પક્ષોનો ઝંઝાવતી ચૂંટણી પ્રચાર

ગુજરાતમાં સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓની જાહેરાત થવા સાથે કોરોના કિસ્સોમાં મોટો ઘટાડો થયો છે જેના કારણેડોક્ટરો પણ માથું ખંજવાળતા થઈ ગયા છે કે રાજ્યમાંથી આટલી ઝડપે કોરોના ઘટવાનું કારણ શું? રાજ્યભરના મોટા ભાગના લોકો પણ એવું માની રહ્યા છે કે કોરોના ખતમ થઈ ગયો છે. એટલે હવે રાજ્યભરમાં મોઢા પર માસ્ક ધારણ કરનારાઓની સંખ્યા નહીંવત્ દેખાઈ રહી છે.બીજી તરફ સરકારી અર્ધ સરકારી તંત્રએ હવે માસ્ક ધારણ ન કરવા બદલ દંડ વસૂલ કરવાનું બંધ કરી દીધું છે. તો કોરોના નિયમનું ઉલ્લંઘન કરનાર સામે કોઈ જ પગલા લેવામા આવતા નથી. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થતા જે તે પક્ષના કાર્યાલય ઉપર ઉમેદવારો ટેકેદારો સાથે ટોળાબંધ ઉમટી પડતા હતા જેમાં મોટાભાગના માસ્ક વગરનાજ જોવા મળતા હતા. તો ઉમેદવાર ફોર્મ ભરવા જતા ત્યારે ટોળાબંધ નીકળી પડ્યા હતા જેમાં કોરોના નિયમોના સરાજાહેર ધજીયા ઉડી રહ્યા હતા પરંતુ કોઈની તાકાત છે કે નિયમ ભંગ બદલ દંડ વસૂલાત કરે કે વધુ પેસેન્જર ભરવા બદલ વાહનો જમ કરી કાર્યવાહી કરે?! અને આ કારણે આમ પ્રજામાં સવાલી ચર્ચા બની રહી છે કે કાયદાઓ અને નિયમો સામાન્ય પ્રજાજનો માટે જ હોય છે. રાજકીય ક્ષેત્રને અસરજ કરતા નથી કે તેનાથી દૂર રહે છે! તે સાથે સોશિયલ મીડિયા પર એવી કોમેન્ટો વાયરલ થઈ રહી છે કે ઉમેદવાર મત માગવા આવે ત્યારે ભરેલ રૂપિયે ૧૦૦૦ દંડની સ્લીપ બતાવી પૈસા માંગી લેજો. બીજી કોમેન્ટ ફરી રહી છે જેમાં ૧૫-૧૫ લાખ જબરજસ્ટીસે દિયા, ફિર ૨ કરોડ યુવાઓકો પકડ પકડકર નૌકરી દી,અબ કિસાનોકો જબરજસ્ટીસે કરોડપતિ બનાને પર તુલે હૈ આ મેસેજો ફરી વળતા લોકો તેની મજા લઈ રહ્યા છે! રાજ્યમાં ખાસ કરીને અમદાવાદ, રાજકોટ, સુરત મનપા માટેના કોંગ્રેસ પક્ષમાં ટિકિટ ફાળવણી માટે બઘડાટી બોલી ગઈ છે. કેટલાક જલ્લાઓમા પણ આવી જ સ્થિતિ છે. નેતાઓની આંતરિક ખેચતાણને લઈને કોંગ્રેસ મતદારોના મિજાજનો ફાયદો નહીં લઇ શકે તેવી સ્થિતિ બની ગઈ છે. જ્યારે કે ભાજપના ઉમેદવાર પસંદગી બાબતે હોહા થઈ ખરી પરંતુ નેતાઓએ કાર્યકરોને સમજાવી લેતા ભાજપમાં હોબાળો બંધ થઈ ગયો છે પરંતુ જે તે અનેક વાર્ડમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ બની રહી છે અને તે આયાતી ઉમેદવારોને કારણે જ્યારે કે કોંગ્રેસના દિગ્ગજો પરિસ્થિતિ પારખી ન શકતા કે મેદાની સમજના અભાવે કે પછી પોતાના વ્યક્તિગત સ્વાર્થને લઈને ઉમેદવાર પસંદગીમાં થાપ ખાઈ ગયા છે. જેમાં સુરતમાં પાસને ૩ ટિકીટ ફાળવવા સામે માત્ર એક ટિકિટ ફાળવતા મોટો હોબાળો થઇ ગયો છે જે કારણે કોંગ્રેસ અને પાસ આમને-સામને આવી ગયા છે ત્યારે પાસ નેતિઓએ પોતાનું તીર પણ છોડી દીધું છે જે કોંગ્રેસને ૫૦ બેઠકો પર અસર કરશે! આ કારણે કદાચ આપને લાભ મળી શકે. રાજકોટ કોંગ્રેસમાં મોટા ગજાના કહેવાતા વોર્ડ મંત્રી ૪૦૦ કાર્યકરો સાથે કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાઈ જતાં તેના પડઘા રાજકોટ સહિતના વિસ્તારોમાં પડ્યા છે. અમદાવાદમાં તો નેતાઓને કારણે ઉમેદવાર પસંદગી બાબતે મોટી હોહા-ધાધલ ધમાલ મચી ગઈ જેને અસર મોટા પ્રમાણમાં થઈ છે. ૨૩ ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર પરત ખેચ્યા તેમા નારણપુરામાં મહિલા ઉમેદવારે ફોર્મ પરત ખેચતા તે બેઠક ભાજપને મળી ગઈ છે. જો કે ભાજપમાં આયાતી ઉમેદવારો સામે આંતરિક આક્રોશ છે! ત્યારે ઓવૈસીના પક્ષના ૨૧ ઉમેદવારો ઉભા રહેતા કોંગ્રેસને ફટકો પડવાની પણ શક્યતા વધી પડી છે અને તે કારણે કોંગ્રેસને ૨૪ મુસ્લિમ ઉમેદવારો પસંદ કરવા ફરજ પડી છે!

સૌરાષ્ટ્ર ક્રાંતીની શુભેચ્છા મુલાકાત લેતા વોર્ડ નં.૧૧ ના 'આપ' ના ઉમેદવારો

ભાજપ શાસનથી લોકો કંટાળ્યા હોવાનો 'આપ' નો આક્ષેપ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આપ નો ભવ્ય વિજય થશે તેવો ઉમેદવારોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૧ ના આપ ના ઉમેદવારો ચેતનભાઈ કમાણી, પંકજભાઈ વાઘેલા, અલ્પાબેન પટોરીયા અને મીનલબા વાઘેલાએ જણાવ્યું હતું કે, વોર્ડમાં પાણીનો પ્રશ્ન પેચીદો છે. લોકોને પુરતું પીવાનું પાણી મળતું નથી. ગંદુ પાણી વિતરણ થતું હોવાથી મનપા તંત્ર અનેકવાર ફરિયાદ કરવા છતાં ઉકેલ નથી આવતો તેવું સ્થાનિક રહીશોનું કહેવું છે. સ્વચ્છ રાજકોટના તંત્ર દ્વારા ગુણગાન ગવાય છે પણ ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. ઘરે-ઘરેથી કચરો લઇ જતી ટીપરવાનના કોઈ ઠેકાણા નથી, વોર્ડમાં સ્કુલ, આરોગ્ય સહિતની સેવાઓ સુધારવાની જરૂર છે. વિકાસના ગુણગાન ગવાય છે પણ લોકોને પ્રાથમિક સુવિધા પુરતી નહી મળતી હોવાનો આક્ષેપ કર્યો હતો. પાણી, સફાઈ, ભૂગર્ભ ગટર સહિતના પ્રશ્નો અંગે તંત્રને ફરિયાદ કરવા છતાં પ્રશ્નો નહી ઉકેલાતા હોવાનું જણાવ્યું હતું. વોર્ડ નં.૧૧ માં આપ ના ઉમેદવારોનો વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભાજપ શાસનથી લોકો કંટાળ્યા હોવાનો આપ ના ઉમેદવારોએ આક્ષેપ કર્યો હતો. (૧.૧)

રાજકોટ: મહાનગરપાલિકા વોર્ડનં.૧૧ના 'આપ'ના ઉમેદવારોએ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાત લીધી હતી. ઉમેદવારો ચેતનભાઈ કમાણી, પંકજભાઈ વાઘેલા, અલ્પાબેન પટોરીયા અને મીનલબા વાઘેલા 'આપ'ના અગ્રણીઓ રાજદિપસિંહ વાઘેલા, રવિભાઈ ભીમાણી, પિયુષભાઈ ખાચર, લલીતભાઈ દાફડા અને નીલેશભાઈ પટોરીયા તસ્વીરમાં નજરે પડે છે.

વોર્ડ નં.૧૧માં પાણી સહિતની સમસ્યાથી લોકો ત્રાહિમામ : અલ્પાબેન, મીનલબા, ચેતન કમાણી, પંકજ વાઘેલા

વિરપુર પાસે ટ્રક ચાલકે એકટીવાને હડફેટે લેતા યુવતીનું મોત

અન્ય બે યુવતિને શરીરે ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડાઈ : અકસ્માત સર્જાતા ટ્રક ચાલક ટ્રક રેઢો મૂકી નાસી ગયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

વિરપુર-પોરબંદર હાઈ-વે પર આવેલી રવિ હોટલ પાસે ટ્રક ચાલકે ત્રિપલ સવારી એકટીવાને હડફેટે લેતા એક યુવતિનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે યુવતિને શરીરે ગંભીર ઈજા થતા સારવારમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જેતપુરના નવાગઢ રામૈયા હનુમાન વિસ્તારમાં રહેતા વિક્રમભાઈ ધીરૂભાઈ સોલંકી(ઉ.વ.૪૦) નામના યુવાને વિરપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈ કાલે તેની પુત્રી ખુશી તથા તેની બહેનપણી કાજલ અને પ્રભા ઉર્ફ બાલી ત્રણેય એકટીવામાં ત્રીપલ સવારી ચોકડી ગામથી આવતા હતા ત્યારે વિરપુરની રવિ હોટલ પાસે પહોચતા ટ્રક નંબર જીજે-૩-એડબ્યુ-૩૫૫૫ ના ચાલકે ત્રીપલ સવારી એકટીવાને હડફેટે લેતા ખુશીનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

જ્યારે કાજલ અને પ્રભાને શરીરે ગંભીર ઈજા થતા સારવારમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગેની જન વિરપુર પોલીસમાં કરવામાં આવતા પી.એસ.આઈ. આર.એ.ભોજાણીએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

અમરેલીમાં ભવ્ય રીતે ઉજવાયો માતૃ-પિતૃ પૂજન દિવસ

(અમારા પ્રતિનિધિ દ્વારા)અમરેલી, તા.૧૧ યોગવેદાન સેવા સમિતિ-અમરેલી દ્વારા તા.૭/૨/૨૦૨૧ ને રવિવારના રોજ બાલમુકુન્દ હોલ-ગજેરાપરા ખાતે ભવ્યાતિભવ્ય રીતે માતૃ-પિતૃ પૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો. આ કાર્યક્રમમાં માતા-પિતા અને બાળકોએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો. માતૃ-પિતૃ પૂજનના કાર્યક્રમમાં બાળકોએ માતા-પિતાને તિલક કરી, ફૂલમાળા પહેરાવી, પ્રદક્ષિણા કરીને, આરતી ઉતારીને મંત્રોચ્ચારણા સાથે વૈદિક પરંપરાથી માતા-પિતાનું પૂજન કર્યું. પૂજન દરમિયાન બાળકી અને માતા-પિતા પણ ભાવાશ્રુથી ભીંજાયા અને ભાવ વિભોર બન્યા. આ કાર્યક્રમની ફળશ્રૃતિ એ રહી કે બાળકો અને વાલી દ્વારા દર વર્ષે આવો કાર્યક્રમ યોજવા માટે સૂચન કરવામાં આવ્યું. (૧૩.૧)

રાજકોટમાં ઉભરતા કલાકારોને તક આપવા રચાયું નવું પ્લેટફોર્મ

(તસવીરઃ ભૂપતસિંહ રાઠોડ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

વિઝન મેનેજમેન્ટ દ્વારા સૌરાષ્ટ્રના આર્ટીસ્ટ માટે એક નવું પ્લેટફોર્મ બનાવવામાં આવ્યુ છે. જે પ્લેટફોર્મ થકી સૌરાષ્ટ્રના આર્ટીસ્ટોને સુનહરી તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેમાં એકટર, સીંગર, મ્યુઝીશીયન, કંપોઝીશ વિગેરે પોતાની ક્ષમતા લોકો સમક્ષ રજુ કરવા માટે આ વી.એમ. પ્રોડકશન બનાવવાનો ઉદેશ છે. વી.એમ. પ્રોડકશન દ્વારા આ વેલેન્ટાઈનના દિવસે હાર્ટ ટચિંગ લવ વીડીયો સોન્ગ લોન્ચ કરવામાં આવશે. પ્રોડકશનના હેડ કિંજલ કોઠિવાળ દ્વારા વધુમાં જણાવેલ છે કે અમને આ વી.એમ. પ્રોડકશન સૌરાષ્ટ્રના આર્ટીસ્ટોને એક પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી બનાવ્યું છે. હાલમાં આપણા આ સૌરાષ્ટ્રમાં સારા એવા આર્ટીસ્ટ છે જેમને સારા તકની પ્લેટફોર્મની જરૂર છે. આ પ્લેટફોર્મ દ્વારા એકટર, સીંગલ, મ્યુઝીશીયન, કમ્પોઝીશન વિગેરે પોતાની ક્ષમતાને લોકો સમક્ષ સહેલાઈથી રજુ કરી શકશે જેના માટે વી.એમ. પ્રોડકશન એક સુનહરી તક છે. વધુમાં એ.એ. મહેતર જણાવે છે કે મુંબઈમાં જે અમીરખાન પ્રોડકશન સાથે અને મોટા બેનરો સાથે સંકડાયેલ છે અને બોલીવુડના સારા એવા પ્રોજેકટ કરેલ એવી એ.એસ.સી. કોર્પોરેશન ઈન્ડીયા અને સોનાક્ષી સીન્હા, કેટરીના કેફ, લોરીયા, લેટમે, સ્લાઈસ, કોકા કોલા જેવી એડ ફીલ્મ કરનાર ઓ.એમ.જી. પ્રોડકશન સાથે સંકડાયેલની ટેકનીકલી ટીમ સાથે મળીને વી.એમ. પ્રોડકશનનું પ્લેટફોર્મ બનાવવાનો હેતુ છે. હાલમાં રજુ થવા થઈ રહેલ અરઝીયા સોન્ગ રાજકોટને સર્મપીત છે. કારણ કે વી.એમ. પ્રોડકશન દ્વારા લોન્ચ થનાર જવા આ અરઝીયા સોન્ગમાં સમગ્ર ટીમ રાજકોટની જ છે. જેમાં પ્રોડયુસર કિંજલ કોઠીવાળ ગીત લખનાર હર્ષ વૈષ્ણવ રાજકોટના છે એવી જ રીતે મ્યુઝીક આપનાર હર્ષ કોટક, આર્ટીસ્ટમાં સન્ની ઝાલા, વેદાંગી શાહ, સીંગર શ્રધ્ધા જોષી, એસ.કે વગેરે છે. જેથી આ અરઝીયા સોન્ગ રાજકોટીયન્સને સર્મપીત કરવામાં આવે છે. એ.એસ.સી. કોર્પોરેશન સાથે સંકડાયેલ રાહુલ ગુપ્તા (ડીરેકટર) જેઓએ આ સોન્ગનું ડીરેકશન કર્યું છે. ઓ.એમ.જી. પ્રોડકશન સાથે સંકડાયેલ અદીત માથકીયા જેઓને પ્રોજેકટ મેનેજ કર્યો છે. ક્રિએટીવ ડીરેકટર જેય નથવાણી અને ધારીયા રાજપરા , આય ફેશન, ફયુલ ધ ફેશન પંપ, ભાવના જોષી, હુશેન ભારમલ, મીલન ગોંડલીયા, શ્રવણ નથવાણી, મયુર તલાટીયા, વિકી શાહ, દિપાંશી શાસ્ત્રીએ મહેનત કરી છે. પ્રોડકશન સાથે જોડાવવા અને સોન્ગની લીંક માટે મો.નં. ૯૪૮૪૭૭૭૯૧૪ પર વોટસએપ કરવા અનુરોધ. (૧૩.૧)

વી.જે.પ્રોડકશન દ્વારા વેલેન્ટાઈન ઉપર 'અરઝીયા' સોંગ રીલીઝ

રાજકોટમાં મેમણ સમાજનો જીવનસાથી પસંદગી મેળો સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

હાલાઈ મેમણ મુંબઈ, યાસ્મીનબેન ફારૂક ચુનાવાલા અને ગનીભાઈ હાલાઈ મુંબઈના સૌજન્યથી જોતામાં રાજકોટ ખાતે મેમણ સમાજ માટે જીવન સાથી પસંદગી મેળાનું વર્ષો બાદ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં અંદાજે ૧૫૦ જેટલા યુવક-યુવતીઓએ રજીસ્ટ્રેશન કરાવીને ભાગ લીધો હતો. આ પ્રસંગે વડાપ્રધાન ૧૫ મુદા અમલીકરણ સમિતિના ડીરેકટર,અને મુખ્ય મહેમાન પદે ઉપસ્થીત મુસ્લીમ અગ્રણી ફારૂક બાવાણીએ પોતાના ઉદબોધનમાં મુખ્ય આયોજક રફીકભાઈ હાલાઈ, સમાબેન હાલાઈ મુંબઈને સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવી જણાવ્યું કે, જીવનસાથી પસંદગી મેળાનો હેતુ યોગ્ય પસંદગી સાથે મેમણ સમાજના લોકો એક - બીજાની નવી ઓળખાણથી નજીક આવે ઉપરાંત અમુક લે - ભાગ એજન્ટો ઈચ્છુક યુવક યુવતીઓના વાલીઓને મોટી રકમથી ખંખેરતા હોય જેનાથી છુટકારો મેળવી વગર પૈસે સમયશકિત અને નાણાની બચત પણ થાય છે અને આસાનીથી સારા સંબધો પણ મળે છે એટલે ફી રજીસ્ટ્રેશનમાં વધુને વધુ લોકોને લાભ લેવા અનુરોધ કરેલ હતો. ઉપરાંત મુખ્ય આયોજક રફીકભાઈ હાલાઈ અને સમાબેન હાલાઈ મુંબઈ દ્વારા ઉપસ્થીત મહેમાનો સાલ, ટ્રોફી અર્પણ કરી સન્માનીત કરેલ હતા.અત્યાર સુધીમાં ત્રણ પસંદગી મેળામાં ૧૫૦૦ લોકોએ ભાગ લીધો છે જેમાં ડોકટર, એન્જીનીયર, વકીલ, વિધુર વગેરેનો સમાવેશ થાય છે. જેમાં ૧૨૫ જેટલા સગપણ કરવામાં સફળતા મળેલ છે. આ પ્રસંગે મહેમાનો તરીકે ઉપસ્થીત ડોકટર ગફારભાઈ ડબાવાલા, હાજીભાઈ સિવાણી, આરીફભાઈ પોપટપોત્રા, લીયાકતભાઈ ડોસાણી અમદાવાદ, હનીફભાઈ આકબાણી, યાસીનભાઈ બાવાણી, સલીમભાઈ આકબાણી, રહિમભાઈ બકાલી, સલીમભાઈ માંકડા વગેરેએ હાજરી આપી શુ ભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ઝોનલ સેકેટરી અસ્લમભાઈ બાવાણી, હાજી યુનુસભાઈ રજવી, રેસ્માબેન રજવી, યુસુફભાઈ ચોકસી, ઉજેર રફીકભાઈ હાલાઈ, અને રાજકોટ મેમણ જમાત તથા સીહોર યુથ વિજ્ઞા કાર્યકરોએ વોલ્યુટર્સ તરીકે સેવાઓ આપી હતી. કાર્યક્રમનું સંચાલન અમદાવાદના મેમણ અગ્રણી લીયાકતભાઈ દોસાણી અને આભાર વિધી આયોજક રફીકભાઈ હાલાઈ મુંબઈ એ કરી હતી. (૧૩.૯)

૧૫૦ જેટલાં યુવક – યુવતીઓએ રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો

કોઠારીયા રોડ પર આવેલ પસ્તી ભંડારમાં મોડી રાત્રે લાગી ભીષણ આગ

૧૦ ફાયર ફાઈટર દોડી ગયા, પાણીનો મારો ચલાવતા આગ કાબૂમાંઃ આગ લાગવા પાછળનું કારણ અકબંધ, કોઈ જાનહાનિ નહીં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ:તા.૧૧

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલા પારેખ પસ્તી ભંડારમાં મોડી રાત્રે કોઈ કારણોસર ભીષણ આગ લાગી હતી. આથી આજુબાજુના વિસ્તારોમાં રહેતા લોકોમાં અફરાતફરી મચી ગઇ હતી. ઘટનાને પગલે ૧૦થી વધુ ફાયર ફાઈટર દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવા પાછળનું કારણ અકબંધ છે. ભંગારના આ ડેલામાં પસ્તી, વાયર, પ્લાસ્ટિક અને ઓઇલ કેનનો મોટા જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો. આગ લાગતા જ તમામ વસ્તુમાં પ્રસરી હતી અને વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. આગ પર કાબૂ મેળવાય તે પહેલા તમામ વસ્તુઓ બળીને ખાખ થઇ હતી. આસપાસના ઘરમાં પાણીની મોટરો પણ ચાલુ કરી દેવામાં આવી હતી. આથી આગ થોડીવારમાં જ કાબૂમાં આવી ગઇ હતી. જો કે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નથી. આથી ફાયરબ્રિગેડ સહિત તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. વિકારળ આગને કારણે આસપાસમાં રહેતા ભરનિંદ્રામાંથી ઉઠીને બહાર નીકળી ગયા હતા. થોડીવાર માટે ભંગારના ડેલામાં કામ કરતા કર્મચારીઓમાં પણ નાસભાગ થઇ હતી.

'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની મુલાકાત લેતા વોર્ડ નં.૭ ના કોંગ્રેસના ઉમેદવારો

ઈ-મેમો, માસ્કના નામે લૂંટાતી પ્રજા ભાજપને મતપેટીમાં જવાબ આપશે

રાજકોટઃ વોર્ડ નં.૭ ના કોંગ્રેસના ઉમેદવારો વૈશાલીબેન પડાયા, અલ્કાબેન રવાણી, કેતનભાઈ જરીયા અને રણજીતભાઈ મુંધવાએ સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની મુલાકાત લીધી હતી. જે તસ્વીરમાં નજરે પડે છે.

વોર્ડમાં રોડ-રસ્તા, પાણી, ગટર સહિતના પ્રશ્ને લોકો ત્રાહિમામઃ વૈશાલીબેન, અલ્કાબેન, કેતન જરીયા, રણજીત મુંધવા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં.૭ ના કોંગ્રેસના ઉમેદવારો વૈશાલીબેન પડાયા, અલ્કાબેન રવાણી, કેતનભાઈ જરીયા અને રણજીતભાઈ મુંધવાએ 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની મુલાકાત લીધી હતી.

તેઓએ જણાવ્યું હતું કે, વોર્ડમાં આડેધડ ખોદકામથી રસ્તાઓ ભાંગીને ભુક્કા બોલી ગયા છે. ચૂંટણી આવી એટલે ભાજપને મતદારો યાદ આવ્યા. પાંચ વર્ષ સુધી પૂર્વ કોર્પોરેટરો દેખાયા ન હોવાનો આક્ષેપ કર્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે, શહેરમાં સીસીટીવી કેમેરા લોકોની સુરક્ષા માટે લગાડવામાં આવ્યા છે છતાં ઈ-મેમાના નામે દંડ ફટકારાઈ રહ્યો છે. ચૂંટણી આવી એટલે ઈ-મેમા ફટકારવાનું બંધ જયારે ચૂંટણી પુરી થઈ જશે તુરંત દંડ ફટકારવાનું ચાલુ થઈ જશે. ઈ-મેમા અને માસ્કના નામે ફટકારવામાં આવતા દંડથી લોકોમાં ખૂબ આક્રોશ છે. વોર્ડ નં.૭માં ગંદુ પાણી વિતરણ થતું હોવાની અનેક ફરિયાદો લોકોમાં ઉઠવા પામી છે. શાસકોએ વિકાસના નામે કરેલા ભ્રષ્ટાચારનો પરપોટો મતદારો ફોડી નાખશે તે નિશ્ચિત છે. ગેરકાયદેસર દબાણો ખુલ્લેઆમ થઈ રહ્યા છે છતાં તંત્રના ધ્યાનમાં આવતું નથી અને ગરીબોના ઝંપડા તોડવામાં આવી રહ્યા છે. જનતા તેનો જવાબ મતપેટીમાં આપશે. કોંગ્રેસના ઉમેદવારો જંગી લીડથી જીતી જશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

વોર્ડમાં ગંદુ પાણી વિતરણ થતું હોવાની અનેક ફરિયાદો

વોર્ડ નં.૧૭માં ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન : તમામ સમાજના આગેવાનોની ઉપસ્થિતિઃ ડાંગર, જાડેજા, ટાંક, પીપળીયા

રાજકોટ.તા.૧૧ રાજકોટ મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકોટ શહેરના વોર્ડ નં.૧૭માં ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન તા.૧૦/૦૨/૨૦૨૧ના બુધવારે કરવામાં આવ્યું.

વોર્ડ નં.૧૭ મધ્યસ્થ કાર્યાલય ઉદઘાટન પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અને વોર્ડ નં. ૧૭ કોંગ્રેસ પક્ષના ઉમેદવાર શ્રી અશોકભાઈ ડાંગર, શ્રી ઘનશ્યામસિંહ જાડેજા, શ્રી જયાબેન જયંતીલાલ ટાંક, શ્રીવસંતબેન મીતેશભાઈ પીપળીયાના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ઉદઘાટન પ્રસંગે વોર્ડ નં.૧૭માં રહેતા તમામ સમાજના આગેવાનો અને સ્થાનિકો બહોળી સંખ્યામાં મધ્યસ્થ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે હાજર રહ્યા હતા.

આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વોર્ડ નં.૧૭માં કોંગ્રેસના ઉમેદવારોને જંગી બહુમતીથી જીત અપાવવા તેમજ મનપાની ગાદી પર પરિવર્તનની મહોર લગાવવા લોકોએ નેમ લીધી હતી. આ તકે અશોકભાઈ ડાંગરે ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે ભાજપની આગેવાની વાળી સરકારે પ્રજાને ત્રાહિમામ કરવામાં કોઈ કસર છોડી નથી. કોરોના મહામારી દરમ્યાન જયારે મધ્યમ વર્ગની કમ્મર આર્થિક રીતે તૂટી ગઈ હતી તેવા સમયે ભાજપ સરકારે ઈ-મેમો સ્વરૂપે કમ્મર તોડ માસ્કના દંડ અને ટ્રાફિક દંડ આડેધડ ફટકારી પ્રજાને લુંટીલેવા સિવાય કશું કર્યું નથી ત્યારે હવે અભિમાનમાં ચુર થયેલી ભાજપને જનતાના પાવરથી વાકેફ કરાવવાનો સમય આવી ગયો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હવે લોકોએ ફરીવાર અભિમાની ભાજપને સત્તાની કમાન સોંપી ફરીવાર હેરાન થવું કે પરિવર્તન લાવી ઉજ્જવળ ભાવી તરફ આગળ વધવું તે પ્રજાએ નક્કી કરવાનું છે આ ચૂંટણીમાં પ્રજાએ કોંગ્રેસ તરફી મતદાન કરી ભાજપની સાન ઠેકાણે લાવી સુચારુ અને સુઘડ વહીવટ માટે કોંગ્રેસના ઉમેદવાર શ્રી અશોકભાઈ ડાંગર, શ્રી ઘનશ્યામસિંહ જાડેજા, શ્રી જયાબેન જયંતીલાલ ટાંક, શ્રીવસંતબેન મીતેશભાઈ પીપળીયા જંગી બહુમતીથી વિજયી બનાવવા સંકલ્પ લીધો હતો. આ ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત શ્રી નાથાભાઈ કિયાડા, દાસભાઈ પટેલ, દેવદાનભાઈ જરીયા, રતિભાઈ ખુંગલા, વોર્ડ પ્રમુખ શ્રી દર્શનભાઈ ગોસ્વામી, અનિરુદ્ધભાઈ કાકડિયા, કૈલાશભાઈ કાકડિયા, ભુપતસિંહ ઝાલા, શૈલેશભાઈ રૂપાપરા, ભાર્ગવભાઈ પઢીયાર, પ્રહલાદસિંહ ઝાલા, કાનાભાઈ ડાભી, પ્રતાપસિંહ ઝાલા, વિમલભાઈ મુંગરા, સહિતના આગેવાનો કાર્યકરો-આગેવાનો, અને સ્થાનિક લોકો તેમજ તમામ સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શહેર કોંગ્રેસના પૂર્વ મેયર મનસુખ ચાવડાને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા કોંગ્રેસ આગેવાનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ મેયર મનસુખભાઈ સવજીભાઈ ચાવડાની ૧૪ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, વશરામભાઈ સાગઠીયા, મહેશભાઈ, ઈન્દ્રનિલ રાજ્યગુરૂ, હેમાંગભાઈ વસાવડા, પ્રદિપભાઈ ત્રિવેદી, ગાયત્રીબા વાઘેલા, મનિષાબા વાળા, જસવંતસિંહ ભટ્ટી, નરેશભાઈ સાગઠીયા, મકબુલભાઈ દાઉદાણી, ભાનુબેન સોરાણી, કોમલબેન ભારાઈ, હિરાભાઈ ચાવડા (ઉપપ્રમુખ વોર્ડ નં. ૧૫) અને ચાવડા પરિવાર દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ. (૧૩.૧૩)

પાંડેસરાના કારખાનેદાર સાથે ૧૮ લાખની છેતરપિંડી

ગણેશ સોસાયટીમાં જુગાર રમતી બે મહિલા સહિત સાતની ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

ગોંડલ રોડ પર કોઠારીયા સોલ્વંટ પાસે આવેલી ગણેશ સોસાયટીમાં રહેતી ભાવના રમેશ દાણીધારીયા નામની મહિલા ના મકાનમાં જુગાર રમતા હોવાની હકકીત મળતા આજીડેમ પોલીસે રેડ કરતા તીનપતીનો જુગાર રમતી ભાવના દાણીધારીયા, પાયલ રમેશ લાણીધારીયા, નવઘણ જેસીંગ જીજુવાડીયા, ભુપત પ્રાગજી ગોહેલ, અનીલ ધીરૂ ધામેચા, ભાવેશગીરી રતીગીરી ગોસાઈ, રતીગીરી મોજગીરી ગોસાઈ સહિત સાત શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૧૩૩૮૦ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

મવડીરોડ પર ચોરાઉ મોબાઈલ બેટરી સાથે શખ્સ ઝડપાયા

નામચીન બૂટલેગર પાસામાં ભુજ જેલમાં ધકેલાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

શહેરના મવડી રોડ પર આવેલી નાગરીક બેંક પાસેથી ચોરાઉ મોબાઈલ સહિતનો મુદામાલ વેચવા નીકળેલા શખ્સની માલવીયા નગર પોલીસે ધરપકડ કરી છે. આ અંગેની વિગત મુજબ મોરબી રોડ પર જય જવાન જય કિશાન સોસાયટી પાસે રપ વારીયા મફતીયા પરામાં રહેતા મહેશ જન્તી કુંવરીયા (ઉ.વ.૨૪)નામના તસ્કર મવડી રોડ પાસે ચોરાઉ મુદામાલ વેચવા નીકળતા માલવીયા નગર પોલીસે તસ્કરને દબોચી લઈ રૂ.૫૦૨૦૦નો ચોરાઉ મુદામાલ કબજે કર્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં માધાપર ચોકડી પાસે આવેલી મહાવીર રેસીડેન્સીમાં રહેતા અને અગાઉ દારૂ સાથે પોલીસમાં ઝડપાયેલા બુટલેગર નામના શખ્સ ની ગાંધીગ્રામ પોલીસે અટકાયત કરી પાસામાં ભુજ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

ચોટીલાના પત્રકારોએ મધુ શ્રીવાસ્તવ વિરૂધ્ધ કાર્યવાહી કરવા કરી માંગ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ચોટીલા,તા.૧૧

વડોદરાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે પત્રકાર સાથે ગેરવર્તન કર્યું હતું. તે મામલે ચોટીલાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક મિડીયાના પત્રકારોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

વડોદરા વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ વધુ એક વખત જાહેરમાં મિડીયા કર્મીને ઠોકાવી દેવાની ખુલ્લેઆમ ધમકી આપીને પોતાની દબંગગીરી દાખવીને લુખ્ખાગીરી કરવામાં આવી હતી. આ ઘટનાને લઇને સમગ્ર રાજ્યમાં પત્રકાર આલમમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા છે ત્યારે ચોટીલાના ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મિડીયાના પત્રકારોએ પ્રાંત કચેરીએ ઘસીને પ્રાંત અધિકારીને લેખીત આવેદનપત્ર પાઠવીને કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી.(૧૩.૧૪)

જેતપુરમાં વિધવા સાથે પ્રેમ લગ્ન કરવા બાબતે ડખ્ખો

મારામારીમાં પિતા-પુત્રોને ઈજા થતા સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

જેતપુરમાં કેનાલ કાંઠે આવેલા દાસી જીવણપરામાં વિધવા સાથે પ્રેમ લગ્ન કરવા બાબતે મારામારી સર્જાતા પિતા-પુત્ર સહિત ત્રણને ઈજા થતા સારવારમાં સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.આ અંગેની વિગત મુવબ જેતપુરમાં કેનાલ કાંઠે આવેલા દાસી જીવણપરામાં રહેતા સુરેશ રવજીભાઈ વાઘેલા (ઉ.વ.૨૬) નામના યુવાને જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છેકે તેઓ છ ભાઈ અને છ બહેનો છે. તેના મોટા ભાઈ ગોગનનું અવસાન થયું હોય તેના પત્ની મંજુબેન સંયુક્ત પરિવારમાં સાથે રહેતા હોય ત્યારે સામા વાળા છગન પરમાર નથુ પરમાર અને લાલુ છગન (રહે. ઘેટાવાળા) નામના ત્રણેય શખ્સો ગઈ કાલે તેના ઘરે આવી ધમા એ કહેલ કે તારી ભાભી મંજુ સાથે છેલ્લા બે વર્ષથી પ્રેમ સંબંધ છે.

જેની સાથે મે ફુલહાર કરી લીધા છે તેને લેવા માટે આવ્યો છું તેમ કહી ઝઘડો કરી લાકડી,ધોકા વડે ત્રણેય શખ્સોએ હુમલો કરી પિતા-પુત્રને મારમારી શરીરે ઈજા કરતા પ્રથમ સારવાર જેતપરની સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવારમાં રાજકોટ સિવિલમાં દાખલ કરવામાં આવ્યા અ બનાવ બાદ પોલીસે ફરિયાદ નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

વિકાસ અને સમસ્યાઓના બદલે મતદાન પર જ્ઞાતીવાદનું રાજકારણ છવાઇ જશે ?

મુજબ મતદાન થાય તો જ ફાયદો થશે. નહીંતર મોટું નુકશાન થવાનું ભીતી વ્યકત કરવામાં આવી રહી છે. આમય રાજકીય પક્ષોએ જ્ઞાતી વચસ્વને ધ્યાનમાં રાખીને ટિકિટોની ફાળવણી કરી જ છે. એટલે મતદાનની તરાહ ઉપર પણ જ્ઞાતીવાદનો ઓછાયો છવાયેલો રહેશે તેમાં કોઇ શંકા નથી. જો આવું બને તો રાજકીય પક્ષોને ધાર્યા ન હોય એવા પરીણામોનો પણ સામનો કરવો પડી શકે છે. આ પધ્ધતી એટલે કે, જ્ઞાતીવાદનું રાજકારણ ખેલવા માટેનો દોષનો ટોપલો માત્ર મતદારોના માથા પર ઢોળી શકાય તેમ નથી. દાયકાઓથી સ્થાનિક રાજકારણમાં રાજકીય પક્ષોએ જ્ઞાતીવાદના આધારે ઉમેદવારોની પસંદગી કરી છે અને ચૂંટણીઓ જીતવાના પ્રયાસો કર્યા છે. એટલે વિકાસના મુદ્દા પર હંમેશા જ્ઞાતીવાદનો મુદ્દો પુરેપુરો પ્રભાવીત રહયો છે. જેના લાભાલભ પણ રાજકીય પક્ષો અનુભવી ચૂકયા છે. અગાઉના પરીણામોનો જો જીણવટ ભર્યુ નિક્ષણ કરી એ અને સમીક્ષા કરી એ તો જણાય આવે છે કે, સ્થાનિક ચૂંટણીઓમાં જે જ્ઞાતીનું વધારે જોર હોય છે. એ જ્ઞાતીના ઉમેદવારો બહુધા ચૂંટણીની વેંતરણીમાંથી પાર થઇ જતા હોય છે. બીજુ ભય સ્થાન છુટક અને પેનલ વોટીંગ વચ્ચે રહી જતા ગાળાનું હોય છે. ઘણા બધા કિસ્સામાં એવું પણ જોવા મળ્યું છે કે, જ્ઞાતીવાદી વોટીંગ થાય ત્યારે વચસ્વ વાળી જ્ઞાતીના ઉમેદવારને પોતાની જ્ઞાતીના જેટલા મત મળ્યા હોય એટલા તેમના સાથી ઉમેદવારોને મળ્યા હોતા નથી પરીણામે એવું બને છે કે, છેલ્લે અન્ય સાથી ઉમેદવારોને સહન કરવામાં આવે છે. એટલે સ્થાનિક ચૂંટણીઓમાં રાજકીય પક્ષો હંમેશા પેનલ વોટીંગ કરાવવાની જબરદસ્ત મથામણ કરતા હોય છે અને મતદારોને પણ ડોર ટુ ડોર જઇને એ વીશે માનસીક રીતે તૈયાર કરવાની પુરો સમય મહેનત કરતા દેખાય છે. રાજકોટમાં આગામી ચૂંટણીના પરીણામો વીશે જેટલી લોકોને ઉત્કંઠા છે તેનાથી અનેક ગણી વધુ રાજકીય નિરિક્ષકો અને ખેલંદાઓને તથા રાજકીય પક્ષોના વ્યૂહ બાજો અને રણનીતિ કારોને છે. આ વખતે મતદાનની ટકાવારી વધે એવા પ્રયાસો રાજકીય પક્ષો કરી રહયા છે કેમ કે, આપ જેવા લોકપ્રીય ગણાતા પક્ષે પણ રાજકોટમાં રાજકીય ખેલ પાડયો છે. તેના ઉમેદવારો ભલે નવા હોય પણ આ પક્ષ સામાન્ય જનતામાં જાણીતો પક્ષ છે. તેના મુખ્ય નેતાની સીધ્ધીઓથી પણ આમ આદમી વાકેફ છે. અવાર નવાર અખબારોમાં આપની કામગીરી અને તેના નેતાની વાતો પ્રગટ થતી જ રહે છે. આપના પ્રથમ રાજકીય જંગને કારણે આપને તો ભલે બહુમતી ન મળે કે બેઠકો પણ ન મળે પરંતુ એક વાત નિશ્ચિત મનાઇ છે કે, આપના ઉમેદવારો વોટ ડીવીઝન માટે જરૂર નિમિત બનશે. એ રીતે રાજકોટના પરીણામો અણધાર્યા રહેવાની શકયતા રાજકારણના ખેલાડીઓ છાને ખુણે વ્યકત કરી રહયા છે.

ચૂંટણી ઢંઢેરો નહીં પણ ગેરેન્ટી કાર્ડ જનતા સમક્ષ રજૂ કરતું 'આપ'

લોખિલ અને ઝાલા એ પ્રેસને માહિતી આપતા જણાવ્યું હતું કે, આ છે અમારા સેવાભાવી અને ઈમાનદાર નિષ્ઠાવાન ઉમેદવારો જે રાજનીતિના ક્ષેત્રમાં નવા છે પણ તેમની સમાજ સેવા કરવા પાછળની ભાવના અને એજ્યુકેશન અને સંસ્કારિતા જોઈને અમે પસંદ કર્યા છે . મોટા ભાગના ઉમેદવારો ફેશર છે જે રાજનીતિના આટા પાટાથી સંપૂર્ણ અજાણ છે . માત્ર લોક સેવાના ભાવથી આમ આદમી પાર્ટીમાં જોડાઈને ચુંટણી લડી રહ્યા છે

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

આપણી જમીનનો એક ટુકડો પણ ચીન લઇ નહીં શકે : રક્ષામંત્રી

સ્થિતિ મજબુત છે. ચીન સાથે દ્રીપક્ષીય વાટાઘાટો ચાલુ છે. સંવાદને સફળ કરવા માટે સરહદ પર શાંતી હોવી જરૂરી છે એટલે આપણે એલએસી પરથી આપણી સૈનય દળોને પાછા બોલાવી રહયા છીએ.તેમણે કહયું હતું કે, એલએસી પરથી બન્ને દેશોના દળો પાછા ખેંચવા અંગે ચીન સાથે સમજુતી થઇ ગઇ છે. એટલે આપણે દળો પાછા ખેંચી રહયા છીએ. પેંગોંગ લેઇખ પરથી બન્ને સેનાઓ પાછી હટી રહી છે. તેમણે કહયું હતું કે, ચીને અતિક્રમણના અનેક પ્રયાસો કર્યા છે. પરંતુ ભારતીય દળોએ કાયમ જોરદાર જવાબ આપ્યો છે. ચીનને આપણી જમીનનો એક ટુકડો પણ લેવા દેવાશે નહીં. આ તકે ગૃહમાં હાજર સાંસદોએ પાટલીઓ થપથપાવીને આ વીધાનને આવકાર આપ્યો હતો. પેંગોંગ લેઇખ પરથી શાંતીને ખાતર દળો પાછળ લેવામાં આવી રહયા છે તેવી સ્પષ્ટા રાજનાથસિંહે કરી હતી. તેમણે એલએસી પર ભારતીય જવાનોની બહાદુરી અને સૌર્યની ભરપુર પ્રસંસા કરી હતી. રાજનાથસિંહે ગૃહને ખાત્રી આપી હતી કે, આપણે લડાખ કે એલએસી પર કશું ગુમાવ્યું નથી.

આઝાદને ઉપરાષ્ટ્રપતીપદની લોલીપોપ?

તાજેતરમાં રાજયસભામાંથી નિવૃત થયેલા સભ્યોમાંથી ત્રણ સભ્યો કાશ્મીરના છે. જો આઝાદને મનાવી લેવામાં સફળતા મળે તો કાશ્મીર ખીણના લોકોના હદય જીતી લેવાય તેવી ગણતરી ભાજપ અને એનડીએ સરકારમાં ચાલી રહી છે. ગુલામનબી કાશ્મીર ખીણના મોટા ગજાના નેતા છે અને વિસ્વસનીય પણ છે. કાશ્મીર ખીણમાં સંવેદનાનો લેપ કરવા માટે ભાજપને આઝાદ જેવા મીતભાષી, સંવેદનસીલ, લોકપ્રીય અને મોટાગજાના નેતાની જરૂર છે એટલે આઝાદને ઉપરાષ્ટ્રપતીપદની ઓફર કરવાની ગંભીરતાથી વિચારણા ચાલી રહી હોવાનું દિલ્હી કોરીડોરના ઉચ્ચ કક્ષાના રાજકીય સુત્રો જણાવે છે. આઝાદ અને વડાપ્રધાન મોદી વચ્ચેની મૈત્રી જાણીતી જ છે. એટલે પાસા ફેંકવા માટે ભાજપ આતુર બન્યો છે.

સુપ્રીમ કોર્ટ મોડી પડી! યુધ્ધ જહાજ વિરાટ ૪૦ ટકા તોડીપડાયું

રશીયા પાસેથી દાયકાઓ અગાઉ ભારતે હજારો કરોડમાં આ વિમાન વાહક યુધ્ધ જહાજની ખરીદી કરી હતી. ત્રણ દાયકા સુધી નૌકા દળમાં સેવા આપ્યા બાદ યુધ્ધ જહાજને રીટાર્યર કરવામાં આવ્યું હતું ગયા વર્ષે સંસદમાં ભાજપ પ્રેરીત એનડીએ સરકારે એવો જવાબ આપ્યો હતો કે, નૌકા દળની સલાહ લીધા બાદ જ યુધ્ધ જહાજ ભંગારવાડે મોકલવામાં આવ્યું હતું. હવે આગામી સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટ શું ઓર્ડર લે છે અને કેવો આદેશ બહાર પાડે છે એ જોવાનું રહેશે.

પ્રજાના કામો કરવાના શપથ લેતા છ મનપાના ભાજપ ઉમેદવારો

કામો કરવાના સંકલ્પ લીધા હતા. રાજકોટ, સુરત, અમદાવાદ, ભાવનગર, જામનગર અને વડોદરામાં સંકલ્પ દીનની ઉજવણી સાથે ભાજપના ઉમેદવારોએ સંકલ્પ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનીક આગેવાનો અને કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લઇ હાજરી આપી હતી.

ખેડૂત આંદોલન ઉગ્ર : ૧૮મી એ દેશવ્યાપી રેલ રોકો

રાજસ્થાનમાં તમામ ટોલ ફી કરવાનું અભિયાન ચલાવવામાં આવશે. કિસાન મોરચાએ એવું પણ જાહેર કર્યુ હતું કે, આવતી તા.૧૪ અને રવિવારે પુલવામાંના શહિદ જવાનોના માનમાં કિસાનો દ્વારા કેન્ડલ માર્ચ યોજવામાં આવશે.

અવસાન નોંધ

રાજકોટ: જૈન વણિક માંગરોળ નિવાસી હાલ રાજકોટ દમયંતીબેન નેમીદાસ શાહ તે સ્વ.નેમીદાસ છોટાલાલ શાહના પત્ની, લીનેશ નેમીદાસ શાહ, મધુબેન કીરીટભાઈ કામદાર, મીનાબેન જયોતિનભાઈ કોઠારી (લંડન), ભાવનાબેન મુકેશભાઈ ગોસલીયા (પોરબંદર), નીતાબેન મનોજભાઈ ભાયાણી (ભાવનગર) ના માતા અલ્કા શાહના સાસુ, વિરાજ તથા પ્રિન્સીના દાદીનું તા.૧૧ ને ગુરૂવારના અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તા.૧૨ ને શુક્રવારના સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન રાખ્યું છે. લીનેશ શાહ (મો)૯૪૦૮૦૪૬૯૫૦, ૯૯૨૫૧૨૯૮૫૮, અલ્કા શાહ (મો) ૯૪૨૮૨૮૭૬૭૮૮

મધરવાડા ગામે મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

કુવાડવા પાસે આવેલા મધરવાડા ગામે રહેતી લક્ષ્મીબેન રંજનીભાઈ રાઠોડ (ઉ.વ.૩૦)નામની મહિલા એ ગળાફાંસો ખાઈ લીધો હોવાની જાણ પાડોશમાં રહેતા વિક્રમભાઈ એ ૧૦૮ને કરતા ઈ.એમટી જગદીશભાઈ બાવળીયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ કરી મૃતક જાહેર કરતા કુવાડવા પોલીસને જાણ કરવામાં આવતા પી.એસ.આઈ બીપી મેધલાતર એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની શુભેચ્છા મુલાકાત લેતા વોર્ડ નં.૩ ના ઉમેદવારો

વાદ નહી વિવાદ નહીં, વિકાસ સિવાય વાત નહીં : ભાજપ

રાજકોટ : સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે આવેલા મનપાના વોર્ડ નં.૩ ના ભાજપના ઉમેદવારો નરેન્દ્રસિંહ (ટીકુભાઈ), પૃથ્વીસિંહ(ધોધુભા) જાડેજા, બાબુભાઈ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, વોર્ડના પ્રભારી મનુભાઈ વઘાસીયા, વોર્ડ પ્રમુખ હેમુભાઈ પરમાર અને વોર્ડ ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ અશોકભાઈ દવે તસ્વીરમાં નજરે પડે છે.

છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધા મળે તેવા પુરા પ્રયાસો કરીશું, મતદારોને ભરોસો આપતા ઉમેદવારો નરેન્દ્રસિંહ(ટીકુભાઈ), બાબુભાઈ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી અને અલ્પાબેન દવે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

મહાનગરપાલિકાના વોર્ડ નં.૩ ભાજપના ઉમેદવારો નરેન્દ્રસિંહ (ટીકુભાઈ), બાબુભાઈ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી અને અલ્પાબેન દવે જણાવ્યું હતું કે, વોર્ડ નં.૩ માં ભળેલા નવા વિસ્તારોમાં રોડ, રસ્તા, પાણી, ભૂગર્ભ ગટર સહિતની પ્રાથમિક સુવિધા લોકોને પુરી પાડવાનો પ્રયાસ કરશું. જામનગર રોડ પરથી પોપટપરા સુધી ખુલ્લી ગટરોની કામગીરી પુરજોશમાં કરશે. અગામી દિવસોમાં ચોમાસામાં પોપટપરામાં ભરાતું પાણીનો પ્રશ્ન હલ થઇ જશે.

ભાજપના ઉમેદવારોની એક જ વાત વાદ નહીં વિવાદ નહી, વિકાસ સિવાય વાત નહી. છેવાડાના માનવીને રોડ, રસ્તા, પાણી સહિતની પ્રાથમિક સુવિધા મળે તેવા પુરતા પ્રયાસો કરશે.

ભાજપે કોળી સમાજમાંથી ટિકિટ આપતા કોળી સમાજમાં ખૂબ ઉત્સાહ છે. ભાજપના ચારેય ઉમેદવારોને જંગી લીડથી ચૂંટી કાઢશે તેવો વિશ્વાસ ઉમેદવાર બાબુભાઈ ઉધરેજાએ વ્યક્ત કર્યો હતો.

વોર્ડમાં કોળી, ક્ષત્રિય, સિંધી, ભરવાડ, રબારી, અનુ.જાતિ સહિતના સમાજના લોકોનો ખૂબ સહયોગ મળી રહ્યો છે. ભાજપના ચારેય ઉમેદવારોને જંગી લીડથી ચૂંટી કાઢશું તેવું મતદારો કહી રહ્યા છે. લોકોનો મળી રહેલો પ્રેમ અને સહકારને ક્યારેય નહી ભૂલી શકીયે તેમ વોર્ડ નં.૩ ના ભાજપના ઉમેદવારો નરેન્દ્રસિંહ (ટીકુભાઈ) જાડેજા, બાબુભાઈ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી અને અલ્પાબેન દવેએ જણાવ્યું હતું.

–: વોર્ડ નં.૩ના ભાજપના ઉમેદવારોઃ–

નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા

લોકસેવાના ભેખધારી એવા છેલ્લા ૧૫વર્ષથી રાજકોટ તાલુકા પંચાયતમાં સફળતાપૂર્વક પ્રમુખપદ દિપાવી રહેલા તેમજ રાજકોટ તાલુકા ક્ષત્રિય સમાજના પ્રમુખ પૃથ્વીસિંહ હેમંતસિંહ જાડેજા (ધોધુભા-ઘંટેશ્વર)ના યુવાન તરવરીયા કર્મઠ સુપુત્ર નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિશાળ અનુભવનું ભાથુ સાથે સેવાનો વારસો મળેલ છે.

બાબુભાઈ ઉધરેજા

મધ્યમવર્ગી કોળી પરિવારમાં જન્મેલા લોકસેવાના ભેખધારી એવા છેકી બાબુભાઈ અરજણભાઈ ઉધરેજા એ પોતાનું પ્રાથમિક શિક્ષણ સરકારી શાળામાં મેળવ્યું હતું ઉચ્ચ શિક્ષણ મેળવવા રાજકોટ આવ્યા યોગીધામ કોલેજમાં ગ્રેજ્યુએશન તેમજ એલએલબી ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં પ્રાપ્ત કર્યું

કુસુમબેન ટેકવાણી

સુનિલભાઇ ટેકવાણી સીંધી સમાજના યુવા અગ્રણીના સેવાભાવી પત્નિ કુસુમબેન સુનિલભાઈ ટેકવાણી સમાજ સેવાની પ્રવૃત્તિઓના રંગે રંગાયેલા છે. અનેક સમાજીક સંસ્થાઓ જેવી કે, સંતનિરંકાર મંડલ, સાધુવાસવાણી મહિલા મંડળ, ઓમ નમઃ સેવા ફાઉન્ડેશન વગેરે સાથે વર્ષોથી જોડાયેલા મહિલા અગ્રણી છે.

અલ્પાબેન દવે

જનસંઘના સમયથી રાષ્ટ્ર પ્રેમ, ત્યાગ, બલીદાન, સમર્પણની ભાવના સાથે 'જનસેવા એજ પ્રભુસેવા'માં સંક્રિય અગ્રેસરના અગ્રણી, ભુતપૂર્વ કોર્પોરેટરના પુત્ર વધુ દવે પરીવારના કુલવધુ અલ્પાબેન દવેએ સમાજશાસ્ત્રમાં અભ્યાસ કરીને માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

રાજકોટ જિ.પં.ના ભાજપના ૩૬ ઉમેદવારો જાહેર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ:તા.૧૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઇને રાજકોટ જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવારોના નામ આજે જાહેર કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા પંચાયતમાં કુલ ૩૬ બેઠક છે. ભાજપે ૩૬ ઉમેદવારો જાહેર કર્યા છે. જેમાં પક્ષ પલ્ટો કરીને જનારા લોકોને પ્રાધાન્ય આપ્યું છે. કોંગ્રેસમાંથી બળવો કરી ભાજપમાં જોડાનાર નિલેશ વિરાણીને ટિકિટ આપાવામાં આવી છે. ગત ટર્મમાં કોંગ્રેસની જીત થઈ હતી. કોંગ્રેસ શાસીત જિલ્લા પંચાયતમાં નિલેશ વિરાણી પ્રમુખ તરીકે રહી ચૂક્યા છે. પરંતુ આંતરિક ઝગડાને કારણે નિલેશ વિરાણીએ બળવો કરી પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું અને ભાજપમાં જોડાયા હતા. ભાજપે નિલેશ વિરાણીને ટિકિટ આપતા રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો છે. કોંગ્રેસના આંતરિક ખટરાગથી પ્રભાવિત થઈને નિલેશ વિરાણીએ આજથી ૨ વર્ષ પહેલાં,

કોંગ્રેસમાંથી ભાજપમાં જનાર નિલેશ વિરાણીને ટિકિટ અપાઈ

૨૭ માર્ચ ૨૦૧૯ના રોજ ભાજપના વિજય વિશ્વાસ સંમેલનમાં કૃષિ મંત્રી પુરષોતમ રૂપાલાની હાજરીમાં કેસરિયો ખેસ ધારણ કરીને ભાજપમાં જોડાયા હતા. અને કોંગ્રેસ સામે વિરોધનો મોરચો માંડ્યો હતો.

બેઠકનું નામ અને પ્રકાર	ઉમેદવારનું નામ	બેઠકનું નામ અને પ્રકાર	ઉમેદવારનું નામ
આણંદપર (સામાન્ય સ્ત્રી)	પૂજાબેન કોરડીયા	લોધિકા (અનુ.જાતી)	મોહનભાઈ દાફડા
આટકોટ (સામાન્ય સ્ત્રી)	દક્ષાબેન રાદડિયા	મોટી મારડ (સામાન્ય)	વિરલભાઈ પનારા
બેડી (સામાન્ય સ્ત્રી)	સુમિતાબેન ચાવડા	મોવિયા (સામાન્ય સ્ત્રી)	લીલાવંતીબેન ઠુંમર
બેડલા (ઓબીસી સ્ત્રી)	સવિતાબેન ગોહેલ	પડધરી (સામાન્ય)	મનોજભાઈ પેઢડીયા
ભાડલા (સામાન્ય)	મુકેશભાઈ મેર	પાનેલીમોટી (સામાન્ય સ્ત્રી)	જયશ્રીબેન ગેડીયા
ભડલી (ઓબીસી સ્ત્રી)	વાલીબેન તલાવડીયા	પારડી (સામાન્ય સ્ત્રી)	અલ્પાબેન તોગડીયા
બોરડી સમઢીયાળા (ઓબીસી)	ભુપતભાઈ સોલંકી	પેઢલા (સામાન્ય સ્ત્રી)	ભાવનાબેન બાંભરોલીયા
ચરખડી (અનુ.જાતી)	અમૃતભાઈ મકવાણા	પીપરડી (સામાન્ય સ્ત્રી)	સવિતાબેન વાછાણી
દડવી (અનુ.જાતી સ્ત્રી)	કંચનબેન બગડા	સાણથલી (સામાન્ય સ્ત્રી)	નિર્મળાબેન ભુવા
દેરડી (ઓબીસી)	રાજેશભાઈ ડાંગર	સરપદડ (અનુ.આદિજાતી)	સુમાબેન લુણાગરીયા
દુમીયાણી (સામાન્ય સ્ત્રી)	જાહીબેન સુવા	સરધાર (સામાન્ય)	નીલેશભાઈ વિરાણી
જામકંડોરણા (સામાન્ય)	જ્યોસ્તનાબેન પાનસૂરીયા	શિવરાજગઢ (સામાન્ય)	શૈલેશભાઈ ડોબરિયા
કમળાપુર (સામાન્ય)	રામભાઈ સાકરિયા	શિવરાજપુર (સામાન્ય)	હિમંતભાઈ ડાભી
કસ્તુરબાધામ (સામાન્ય)	ભુપતભાઈ બોદર	સુપેડી (અનુ.જાતી સ્ત્રી)	ભાનુબેન બાબરિયા
કોલીથડ (સામાન્ય)	હદેવસિંહ જાડેજા	થાણાગાલોળ (સામાન્ય)	પ્રવીણભાઈ કયાડા
કોલકી (સામાન્ય)	જયંતીભાઈ બરોચીયા	વેરાવળ (સામાન્ય સ્ત્રી)	ગીતાબેન ટીલાળા
કોટડાસાંગાણી (સામાન્ય)	શૈલેષભાઈ વઘાસીયા	વિંછીયા (સામાન્ય)	નીતિનભાઈ રોજાસરા
કુવાડવા (સામાન્ય સ્ત્રી)	પ્રવિણાબેન રંગાણી	વિરપુર (સામાન્ય સ્ત્રી)	અશ્વિનાબેન જે.ડોબરિયા

પૂર્વ ધારાસભ્ય મર્ડર કેસમાં કાવતરાખોરના જામીન અરજી રદ્

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

ભચાઉમાં ચાલુ ટ્રેને ગોળી ધરબી ભાજપના ધારાસભ્ય જયંતી ભાનુશાળીની ફિલ્મી ઢબે હત્યા કરવામાં આવેલ હતીઃ હત્યાને અંજામ આપ્યા બાદ દસ માસ સુધી ભાગતી ફરેલ મનીષાને ગુજરાત પોલીસે ઉતરપ્રદેશથી ઝડપી લીધેલ

સૌરાષ્ટ્ર - કચ્છ સહીત સમગ્ર દેશમાં ચકચાર જગાવનાર એવા અબડાસા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય જયંતીભાઈ ભાનુશાળીની ના ભુજ થી અમદાવાદ જતી ટ્રેનમાં શાર્પશુટરો દ્વારા ગોળી ધરબી દઈ હત્યા કરવાના ગુન્હામાં માસ્ટર માઈન્ડ મનીષા ગોસ્વામીની જામીન અરજી ભચાઉ સેશન્સ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવેલ છે. આ કેસની હકીકત એવી છે કે, મરણજનાર અબડાસા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય જયંતીભાઈ ભાનુશાળી તા.૦૭/૦૧/૨૦૧૮ ના રોજ સયાજીનગરી એકસપ્રેસ ટ્રેનમાં ભુજ થી અમદાવાદ એ.સી. કોચમાં મુસાફરી કરતા હતા તે દરમ્યાન ટ્રેન સામખીયાળી સ્ટેશન નજીક પહોંચેલ ત્યારે ચાલુ ગાડીએ મહારાષ્ટ્રના શાર્પશુટરો શશીકાંત ઉર્ફે બીટીયાદાદા કાંબલે અને અશરફ અનવર શેખે પૂર્વાયોજીત કાવત્રા મુજબ જયંતી ભાનુશાળી ઉપર બંધૂકથી ફાયરીંગ કરી હત્યા નિપજાવેલ હતી. જે બનાવ અનુસંધાને ગાંધીધામ રેલવે પોલીસ સ્ટેશનમાં છબીલદાસ નારણભાઈ પટેલ, મનીષાબેન ગોસ્વામી, જયંતીભાઈ જેઠાલાલ ઠક્કર, સિધ્ધાર્થ છબીલદાસ પટેલ, સુરજીત ભાઉ વિગેરે વિરૂધ્ધ એફ.આઈ.આર. નોંધાયેલ હતી. ત્યારબાદ પોલીસે રાહુલ જયંતીભાઈ પટેલ (રહે. કચ્છ), નિતીન વસંતભાઈ પટેલ (રહે. કચ્છ), શશીકાંત ઉર્ફે બીટીયાદાદા કાંબલે (રહે. પુના-મહારાષ્ટ્ર), અશરફ અનવર યુનીશ શેખ (રહે. પુના- મહારાષ્ટ્ર), વિશાલ નાગનાથ યેલપ્પા (રહે. પુના-મહારાષ્ટ્ર), સિધ્ધાર્થ છબીલદાસ પટેલ (રહે. અમદાવાદ), છબીલદાસ નારણભાઈ પટેલ (રહે. અમદાવાદ), જયંતીલાલ જેઠાલાલ ઠક્કર (રહે. ભુજ), રાજુ ઉર્ફે સીતારામ નારાયણ ધોત્રે (રહે. પુના-મહારાષ્ટ્ર), મનીષાબેન ગજજુગીરી ગોસ્વામી (રહે. વાપી), સુજીત દેવીસીંગ પરદેશી (રહે. પુના-મહારાષ્ટ્ર), નિખીલ બાલુભાઈ થોરાટ (રહે. પુના-મહારાષ્ટ્ર) કુલ-૧૨ લોકોને ગુન્હાના કામે અટક કરવામાં આવેલ હતી. અંતે ભચાઉના અધિક સેશન્સ જજ એવા તારણ પર આવેલ કે, આરોપી મનીષા, શાર્પશુટરો તથા અન્ય સહયોગી આરોપીઓ ચોકકસ સ્થળે, ચોકકસ સમયે ભેગા થાય છે તેમજ બનાવના બે દિવસ પહેલા જ એક જ ફલાઈટમાં મુંબઈથી ભુજ આવેલ છે અને જયારે આરોપી મનીષાને અન્ય રાજયમાંથી પકડવામાં આવે છે. ત્યારે શાર્પશુટરોની ગેન્ગના લીડર અને અન્ય ભાગેડુ આરોપીને બચાવવા માટે પોતાનો મોબાઈલ પોતાના અંદરના આંતરીક વસ્ત્રોમાં સંતાડી દયે છે. જેથી અરજદાર ગમે તેટલી નિમ્ન કક્ષાએ જઈ શકે તેવી માનસીકતા ધરાવતા હોય અરજદારને જામીન મુકત કરવાથી સાક્ષીઓ માટે ભયની પરિસ્થિતિ ઉભી થાય તેવુ માની જામીન નકારેલ છે અને કોઈ વિશિષ્ટ બદલાયેલા સંજોગો ન હોય તેથી રજુ થયેલા પુરાવાઓને ધ્યાને લઈ સ્પે.પબ્લીક પ્રોસીકયુટર દ્વારા કરવામાં આવેલ દલીલો માન્ય રાખી મનીષાબેનની જામીન અરજી નામંજુર (રદ) કરેલ હતી. આ કામમાં સરકાર તરફે સ્પે. પબ્લીક પ્રોસીક્યુટર તરીકે જાણીતા ધારાશાસ્ત્રી તુષાર ગોકાણીએ રજૂઆતો કરેલ હતી.

પત્રકારને ધમકી આપવા મામલે

મધુ શ્રીવાસ્તવ સામે ગુન્હો દાખલ કરવાની માંગ કરતા જસદણ-આટકોટના પત્રકારો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૧૧

ગુજરાતના સાંસ્કૃતિક નગરી તરીકે ઓળખાતા વડોદરામાં ભાજપના ધારાસભ્ય દ્વારા બે દીવસ પહેલા ચેનલ પત્રકાર અમિત ઠાકોરને ઓન કેમેરા મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયા છે. ભારતમાં લોકશાહીને જીવંત રાખવા માટે, લોકશાહીના ચોથા સ્થંભના પ્રહરીઓ સતત જીવના જોખમે સમાચારો લોકો સુધી પહોચાડે છે, દેશની અંદર નાનામાં નાના લોકોનો અવાજ બની કાર્ય કરે છે ત્યારે તેને બંધારણ આપેલા સવાલ પુછવાના હકકને લઈને કોઈ વ્યકિત દ્વારા સરાજાહેર ધમકી આપવાનું કુત્ય કરવું એ લોકશાહી માટે ખતરા સમાન છે.

રાજયના મુખ્યમંત્રી કહી ચુકયા છે, કે રાજયોને ગુંડામુકત કરવું છે ત્યારે જે કોઈને ગુંડાગીરી છોડી દેવા, સમજાવવા છતાં ન સમજે તો તેને ગુંડાધારા એટલે હાલમાં જ રાજયસરકારે બનાવેલ ગુજસીકોટ હેઠળ કેસ દાખલ કરી જેલમાં પુરાવા અને તેની ગેંગના અને તેને સાથ આપનારા તમામ સામે ઓર્ગેનાઈઝ ક્રાઈમ હેઠળ ગુન્હો દાખલ કરી કાર્યવાહી કરવા જસદણ આટકોટ પંથકના પત્રકારો હુસામુદ્દીન કપાસી, કરશન બામટા, હિતેશ ગોસાઈ, હેમલ પરમારએ માંગ કરી છે. (૧૩.૨)

શહેરમાં અલગ અલગ ત્રણ સ્થળોએ દારૂની ૫૪ બોટલ સાથે ત્રણની ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

શહેરમાં જુદા જુદા ત્રણ સ્થળોએ અલગ અલગ પોલીસની ટીમે ત્રણ શખ્સોને ૫૪ બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે. શહેરના કાલાવડ રોડ પર આવેલી શ્રીજી હોટલની બાજુ માં સામ્રાજ્ય એપાર્ટમેન્ટમાં રહેતા મુકેશ હમીરભાઈ ચૌહાણ નામના શખ્સને ૨૪ બોટલન કિંમત રૂ.૧૯૨૦૦ ના મુદ્દામાલ સાથે તાલુકા પોલીસે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં ભક્તિનગર સર્કલ પાસે કાન્તા વિકાસ ગૃહ તરફ જવાના રસ્તેથી વિદેશીદારૂની ૨૪ બોટલ કિંમત રૂ. ૧૦૧૦૦ના મુદ્દામાલ સાથે ભીખુ ભરત ખેતાણી (રહે. ભગવતીપરા) નામના શખ્સને ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે. જયારે માલવીયા નગર પોલોસે ચંદ્રેશ નગર મેઈન રોડ પર આવેલા અમરનગરમાંથી શૈલેષ રાજુ ઓડેદરા નામના શખ્સને દારૂની ૬ બોટલ કિંમત રૂ.૩૦૦૦ સાથે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

સરગમ કલબ સંચાલિત

ઈન્ડોર સ્ટેડિયમમાં ઓપન રાજકોટ બેડમિન્ટન સ્પર્ધાનું સમાપન

સ્પર્ધામાં ભાગ લેનાર ૧૦ થી ૬૫ વર્ષ સુધીના ૩૭૫ ભાઈઓ–બહેનોને પ્રમાણપત્ર અપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત અને સરગમ કલબ સંચાલિત ઈન્ડોર સ્ટેડીયમમાં ઓપન રાજકોટ બેડમિન્ટન સ્પર્ધાનો સમાપન સમારંભ થયેલ. આ સ્પર્ધા ચાર દિવસ સુધી ચાલી હતી અને તેમાં ૩૭૫ જેટલા સ્પર્ધક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડી.સી.પી. મનોહર સિંહ જાડેજા એ સમાપન પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને કહ્યું હતું કે, આજના સમયમાં શરીરને ચુસ્ત રાખવા માટે રમતગમતને જીવનમાં અપનાવવા અત્યંત જરૂરી છે. સરગમ કલબ સ્પોર્ટ્સ હમેશા રાજકોટના યુવાનો વધુ એક્ટીવ બને તે માટે સતત પ્રત્નશીલ રહે છે. તેમણે આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને અભિનંદન પણ આપ્યા હતા.

આ સમાપન સમારંભમાં સરગમ કલબ પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ઉદ્યોગપતિ વિક્રમભાઈ જૈન, જયેશભાઈ વસા, ડો. અમિતભાઈ સંઘવી, ડો. રાજેશભાઈ જાની, જસુમતીબેન વસાણી, વિક્રમભાઈ સરવૈયા, અમિતભાઈ પંડ્યા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આ સ્પર્ધાનાં સમાપન સમારોહ માં મુખ્ય મહેમાન તરીકે ડી.સી.પી. મનોહર સિહ જાડેજા ખાસ ઉપસ્થિત રહેલ જયારે સ્વાગત પ્રવચન સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ કર્યું હતું, તેમણે સૌ સ્પર્ધકોને આવકાર્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ જયેશભાઈ વસાએ કરી હતી જયારે કાર્યક્રમનું સંચાલન જયદીપસિંહ જાડેજાએ કર્યું હતું.

આ સ્પર્ધામાં ઉમર વર્ષ ૧૦ થી ૧૫ વર્ષ સુધીના ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ, તમામ ભાગ લેનારને સર્ટીફીકેટ આપવામાં આવેલ અને ૭૦ જેટલા ખેલાડીઓને સીલ્ડ આપવામાં આવેલ.

આ સ્પર્ધામાં કોચ તરીકે સુરેશભાઈ સવાસડીયા, હારૂનભાઈ સુમરા, જયદીપસિંહ સરવૈયા, પ્રશાંતભાઈ ખાલપડા, રાજભાઈ કોઠારી અને સમીરભાઈ ભીંડોરા વગેરેએ સેવા આપી હતી. જયારે સ્પર્ધાને સફળ બનાવવા માટે પ્રફુલભાઈ સંઘાણી, જયદીપસિંહ જાડેજા, કૌશિકભાઈ સોલંકી અને સુભાષભાઈ પોપટ વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ સ્પર્ધામાં વિક્રમ વાલ્વ, ગોકુલ હોસ્પિટલ, કાઠીયાવાડ લોજ, શિવ હોસ્પિટલ, ઈસુગુ મોરીસ અને બાલાજી વેફર્સ વગેરેનો સહયોગ મળ્યો હતો. (૧૩.૩)

જેતપુરમાં ત્રિપલ સવારી બાઈકને ટ્રકે ઠોકરે ચડાવતા યુવાનનું મોત

આટકોટ હાઈ–વે રોડ પર ક્રોસ કરતા પૌઢને આઈસર ચાલકે અડફેટે લેતા કરૂણ મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

જેતપુર જુનાગઢ હાઈ-વે પર આવેલા સ્વામીનારાયણ મંદિર પાસે ત્રીપલ સવારી બાઈકને ટ્રક ચાલકે ઠોકર ચડાવતા યુવાનનું મોત થયું હતું જયારે આટકોટ બસ સ્ટેન્ડ સામે રોડ ક્રોસ કરતા પ્રૌઢને આઈસર ચાલકે હાડફેટે લેતા તેનું કરૂણ મોત નિપજયું હોવાનું પોલીસ ચોપડે નોધાયું છે.આ અંગેની વિગત મુજબ કચ્છના ગાંધીધામ માં આંબેડકર ફળીયુંમાં રહેતા પંકજ તુષારભાઈ પરમાર નામના યુવાને જેતપુરસીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છેકે ગઈકાલે તેનાં કૌટુબિકભાઈ નરેશ તથા મામા જયેશભાઈ નાથાભાઈ સોલંકી સહિત સવારી બાઈકમાં જતા હતા ત્યારે જેતપુર-જુનાગઢ હાઈ-વે પર આવેલા સ્વામીનારાયણ મંદિર પાસે પહોંચતા ટ્રક નંબર જીજે૩-એ-ડબ્લ્યુ૮૭૪૬ના ચાલકે ત્રીપલ સવારી બાઈકને ઠોકરે ચડાવી જેમીલ ભાઈને શરીરે ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી જતા જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ.એ.અન ગાંગણ એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જયારે અન્ય એક બનાવમાં કોટડા સાંગાણીના શાપર-વેરાવળ પાસે શીતળા માતાના મંદિર પાસે રહેતા ત્રીભોવનભાઈ ભગવાનભાઈ રાઠોડ નામના યુવાને આટકોટ-બસ સ્ટેન્ડ પાસે હતા ત્યારે તેની સાથે અમરાભાઈ દેવાભાઈ રાઠોડ નામના પ્રૌઢ રોડ ક્રોસ કરતા હતા ત્યારે આઈસર નંબર જીજે-૩-એમ ૪૩૮૩ ના ચાલકે ઠોકરે ચડાવતા અમરાભાઈ રાઠોડને શરીરે ગંભીર ઈજા થતા તેનુ ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજતા આટકોટ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ.કે.પી મહેતાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

રાજકોટ મનપાના ૧૮ વોર્ડના ૧૦.૯૩ લાખ મતદારો, ૯૯૧ બુથ પરથી કરશે મતદાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીના રોજ રાજકોટ મહાનગરપાલીકાની ચૂંટણી યોજાનાર છે. જે અન્વયે રાજકોટના કુલ ૧૮ વોર્ડમાં ૧૦,૯૩,૩૩૧ મતદારો મતદાન કરશે. જેમાં ૫,૬૭,૦૦૧ પુરૂષ, ૬,૨૬,૯૭૦ સ્ત્રી અને ૨૦ થર્ડ જેન્ડર એમ કુલ મળી ૧૦,૯૩,૩૩૧ મતદારો દ્વારા ૯૯૧ બુથ પર મતદાન કરાશે.(૧૩.૪)

સ્થાનિક સ્વરાજની ચૂંટણી સંદર્ભે

ચૂંટણી પ્રચારમાં વપરાતા વાહનોની ફરજિયાત નોંધણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

આગામી તા.૨૧ ફેબ્રુઆરીના રોજ મહાનગરપાલીકા અને તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત અને નગર પાલીકાઓની સામાન્ય ચૂંટણી અન્વયે મતદાન થનાર હોઈ ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી યોજાય તે માટે ચૂંટણીઅન્વયે રાજકોટ શહેર અને જિલ્લામાં ચૂંટણી પ્રચાર માટે વપરાતા કોઈ પણ પ્રકારના વાહનોનું સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી પાસે નોંધણી (રજીસ્ટર) કરાવવાનું રેમ્યામોહન, રાજકોટ જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામામાં ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ મંજૂરી વાહનના વિન્ડસ્ક્રીન પર સ્પષ્ટ પણે દેખાઈ આવે એ રીતે લગાડવાની રહેશે. આ પરમીટમાં વાહન મતદાર વિભાગના કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની વિગતો સ્પષ્ટ દર્શાવવાની રહેશે. ઉપયોગમાં લેવામાં આવેલા વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ગણવામાં આવશે. આ હુકમ રાજકોટ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૫ માર્ચ સુધી અમલમાં રહેશે.(૧૩.૫)

રસીકરણનો બીજો તબક્કો

રાજકોટ શહેરમાં ૫૯૦, જિલ્લામાં ૧૭૪૭ ને અપાઈ કોરોના વેકિસન

શહેરમાં ફ્રન્ટલાઈન વર્કર્સ; અને હેલ્થ વર્કર્સ સહિત કુલ ૧૮,૫૯૮ અને જિલ્લામાં ૧૨,૭૪૬ ને રસીકરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

રાજકોટ શહેર તેમજ રાજકોટ જિલ્લામાં ૧૧ તાલુકાઓના ૧૨ ઘટક હેલ્થ સેન્ટર ખાતે રસીકરણના બીજા તબક્કામાં ફ્રન્ટલાઈન તેમજ આરોગ્ય કર્મીઓને કોરાના રસીકરણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તા. ૯ ફેબ્રુઆરીના રોજ રાજકોટ શહેરમાં ૨૬૦ ફ્રન્ટલાઈન વર્કર્સ તેમજ ૩૩૦ હેલ્થ વર્કર્સ મળી કુલ ૫૯૦ તેમજ જિલ્લામાં ૧૧૧૭ ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૬૩૦ હેલ્થ વર્કર્સ મળીને કુલ ૧૭૪૭ લોકોને વેક્સીન આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં રાજકોટ શહેરમાં ૯૨૧૧ ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૯૩૮૭ હેલ્થ વર્કર્સ તેમજ જિલ્લામાં ૪૭૮૪ ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૭૯૬૨ હેલ્થ વર્કર્સને રસીકરણની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. તા. ૯ ફેબ્રુઆરીના રોજ આઈ.સી.ડી.એસ. વિભાગ સંલગ્ન આંગણવાડીની મહિલાઓને તેમજ સુપરવાઈઝર, બ્લોક હેલ્થ ઓફિસર સહીત સ્ટાફના ૩૩૮ મળી કુલ આજ સુધીમા ૧૭૩૫ તેમજ પ્રાથમિક વિભાગના ૭૫૫ શિક્ષક-સ્ટાફને રસીકરણ કરવામાં આવ્યું છે.(૧૩.૬)

ડેમોક્રેટીક એકશન ગ્રુપે ચિંતા વ્યકત કરી

લોકશાહીના મુલ્યોની વાત કરતા પક્ષો પાસે આંતરીક લોકશાહી નથી!

રાજયમાં મજબુત વિરોધ પક્ષ અને સત્તા પરિવર્તનની જરૂર છેઃ યશવંત જનાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

ડેમોક્રેટીક એકશન ગૃપનાં ચેરમેન યશવંત જનાણીએ ગુજરાતમાં શરૂ થયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં માન્ય રાષ્ટ્રીય પક્ષો દ્વારા છેલ્લી ઘડીએ નકકી થતી ઉમેદવારોની યાદી માટે અને ત્યારબાદ તેમા થતા નુકશાન કરતા રાજકીય અસંતોષ માટે દુઃખ વ્યકત કરતા જણાવેલ કે આપણા રાષ્ટ્રીય પક્ષો પાસેથી સ્થાનિક શહેર અને ગામથી માંડી રાજય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ સંગઠનનું માળખું છે પરંતુ લોકશાહીના મુલ્યોની વાત કરતા આ પક્ષો પાસે આંતરીક લોકશાહી નથી પરિણામે લોકસભાની ચૂંટણી હોય ધારાસભાની ચુંટણી હોય કે સ્થાનિક સ્વરાજની કરી જો જેમા ઉમેદવારોની પસંદગી વખતે મોટા અવરોધ ઉભા થાય છે તે આપણે જોઇ શકીએ છીએ. આ વખતે છ મહાનગરપાલીકાઓનાં ઉમેદવારી નક્કી કરતા રાજયનાં વિરોધપક્ષ એવા કોંગ્રેસમાં મોટું ધમસાણ અને ભંગાણ જોવા મળ્યું છે. આ પક્ષ છેલ્લી ઘડી પોતાનો ઉમેદવારોના નામ પણ જાહેર કરી શકી નથી અને બારોબાર નામ જાહેર કરવામાં મેન્ડેન્ડ આપવામાં ભૂલો કરી છે તો પસંદ ન પામેલ નારાજ ઉમેદવારોએ કાં તો રાજીનામા આપ્યા છે કે પક્ષ પલ્ટો કર્યો છે. આથી મોટી કમનસીબી કઇ હોય શકે ? ગુજરાતનાં શાશક પક્ષ ભાજપમાં ઓછું ભંગાણ પડેલ છે અને તે પણ શિસ્તબધ્ધ અને કાર્યકર્તાઓને કારણે ઢંકાઈ ગયેલ છે.

આથી ડેમોક્રેડીટ એકશન ગૃપ માને છે કે પક્ષમાં આંતરીક લોકશાહી ઉભી કરી કોઈપણ ચૂંટણી જાહેર થાય તેના છ મહિના પહેલા કાર્યકર્તાઓના સેન્સની નાટક કરવાને બદલે ઉમેદવારની પસંદગી માટે પક્ષના કાર્યકર્તાઓ અને સભ્યોમાંથી વોર્ડ વાઇઝ અથવા બેઠક વાઇઝ આંતરીક ચૂંટણી કરવી જોઇએ અને તેમાંથી ઉમેદવારની પસંદગી કરવી જો આ પ્રથા અપનાવવામાં આવે તો પક્ષમાં વિરોધને કે બળવાને કે પલટાને કોઈ સ્થાન નહી રહે તેમ માનીએ છીએ.

ગુજરાતમાં મજબુત વિરોધ પક્ષ અને સત્તા પરિવર્તનની જરૂર છે પરંતુ જો અન્ય રાજકિય પક્ષો ભાજપના આ નિયમનું અનુકરણ કરે તો ગુજરાત અને રાષ્ટ્રને રાજકીય ક્ષેત્રે નવુ નેતૃત્વ મળે તેમ છે.

ભાવેશ વિસરીયાનો જન્મદિવસ

રાજકોટ : પત્રકાર ભાવેશ વિસરીયાનો આજે જન્મદિવસ છે. તેઓ આજે ૨૯ વર્ષ પૂર્ણ કરીને ૩૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેમજ રાજકોટ મહેશ્વરી સમાજના યુવા પ્રમુખ અને હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે. તેમના સગા-સ્નેહીઓ ઉપરાંત મિત્રવર્તુળ, ઉચ્ચ અધિકારીઓ, રાજકીય આગેવાનો જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી ભાવેશભાઈ જન્મદિવસની શુભકામનાઓ...

મયુરનગરમાં યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

ભાવનગર રોડ પર આવેલા રાજમોતી ઝીલ પાછળ મયુરનગર મફતીયા પરામાં રહેતી પાયલબેન વિજયભાઈ સોલંકી નામની યુવતીએ ગઈકાલે મોડી રાત્રીના કોઈ અગમ્ય કારણસર પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં સરવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબિબોએ જોઈ તપાસ મૃતક જાહેર કરતા બનાવ અંગેની જાણ કરવામાં આવતા હે.કો.આનંદભાઈ પરમાર એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જાફરાબાદ ન.પા.માંથી માહિતીને બદલે ઉડાવ જવાબ મળતા ભારે ચર્ચા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી,તા.૧૧

જાફરાબાદના વશરામભાઈ બાબુભાઈ સોલંકીએ જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં બાંધકામ અંગેની મંજૂરી માંગેલ હતી પરંતુ તેને બાંધકામની મંજૂરી આપેલ નહીં. જેથી સામાકાંઠા વિસ્તારમાં ૧૯૮૨થી કેટલાને મંજૂરી આપી તેની આર.ટી.આઈ. હેઠળ માહિતી માંગી હતી. તેઓ દ્વારા કહેવામાં આવેલ કે તમારી માહિતી અસ્પેષ્ટ હોય જેથી આપી શકાય નહીં અને આર.ટી.આઈ. કાયદાનો આ નગર પાલિકાએ ઉલાળીયો કર્યો હતો. આર.ટી.આઈ. એટલે શું તે નગરપાલિકાને ખબર ન હોય અરજદાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ના નમૂના (ક) મુજબ માહિતી

નગરપાલિકા માહિતી અધિકારીને માહિતીનો કાયદો શું છે તે ખબર ન હોવાનો અરજદારનો આક્ષેપ

માંગવામાં આવેલી હોય. જેના જવાબમાં જાફરાબાદ નગરપાલિકા માહિતી અધિકારી દ્વારા અમોને માહિતીના નમૂના (ગ) પ્રમાણે માહિતીનો જવાબ આપેલ ન હોય જે બાબત દ્વારા સમજી શકાય કે માહિતીનો કાયદો જાફરાબાદ નગરપાલિકા માહિતી અધિકારીને માહિતીનો કાયદો શું છે તે ખબર પડતી ન હોય તેવું જણાય છે.(૧૨.૫)

મંજુરી આપવા પંચાયત મંત્રીને પત્ર પાઠવ્યો

રાજકોટ જિ.પં.હિસાબી સંવર્ગની ૨૦૦ ખાલી જગ્યાઓ ભરવા માંગ

જિ.પં.ના પૂર્વ સદસ્ય ધ્રુપદબા જાડેજા અને પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ કરી રજુઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

રજકોટ જિલ્લા પંચાયતમાં હિસાબી સંવર્ગની ૨૦૦ થી વધુ ખાલી જગ્યાઓ ભરવા અથવા કરાર આધારિત ખાલી જગ્યા ભરવા રાજકોટ જિલ્લા પંચયતના પૂર્વ સદસ્ય ધ્રુપદબા જાડેજા અને પાણી પુરવઠા મંત્રી જયપ્રથસિંહ પરમારને પત્ર લખી જણાવેલ કે,રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકની હિસાબી સંવર્ગની હેડ એકાઉન્ટ, ઈન્ટરનલ ઓડીટર, હિસાબનીશ (જી.પી.એફ.બજેટ,માર્ગ મકાન, સિંચાઈ, તાલુકા પંચાયત, પશુપાલન, ખેતીવાડી, શિક્ષણ, આરોગ્ય વિભાગ) નાયબ હિસાબનીશ, સીનીયર એકા. કલાર્ક, જૂનિયર કલાર્કની મહત્વની જગ્યાઓ વરસોથી ખાલી છે.જીલ્લા પંચાયતના જુદા-જુદા વિભાગમાં ખાલી જગ્યા રહેવાના કરણે હિસાબી સંવર્ગની કામગીરી ઉપર ગંભિર અસરો પડે છે.એક કર્મચારી પાસે ચાર-પાંચ ટેબલના જુદા જુદા વિભાગના ચાર્જમાં રહેવાના કારણે કર્મચારીઓ માનસીકતણાવ અનુભવે છે.ખાલી જગ્યાના કારણે ખર્ચના બીલો પાસ કરવા,બજેટ તૈયાર,ઓડીટ પારાના નિકાલ કરવા,બીલોના પ્રિ-ઓડીટ કરવા,સરકારના પત્રોના જવાબો કરવા સહિતની કામગીરીમાં વિલંબ થાય તો અધિકારીઓના રોષનો ભોગ બને છે.જેથી આગામી જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણીઓ બાદ મંજુર મહેકમ મુજબ ખાલી રહેલી તમામ જગ્યાઓ હિસાબનીશ વિભાગીય હિસાબનીશ / ઈન્ટરનલ ઓડીટર ૮ ખાલી જગ્યા છે.જેની કુલ મંજુર મહેકમ ૯ અને ૨૦ % કાપની જગયા ૧ છે.નાયબ હિસાબનીશ (જિલ્લા/તાલુકા પંચાયત)ની ખાલી જગ્યા ૨૪ અને કુલ મંજુર મહેકર ૩૨ છે.જેની મંજુર પૈકી (૮) જગ્યા મોરબી જીલ્લાને ફાળવી છે.સીનીયર એકા.કલાર્ક (જીલ્લા તાલુકા પંચાયત)ની કુલ મંજુર મહેકમ ૮૧,ખાલી જગ્યા ૧૫ છે. જેની મુજુર પૈકી (૧૩) જગ્યા મોરબી જીલ્લાને ફાળવી છે.ઉપરાંત આરોગ્ય બ્લોક અનામતની ૧૮ ખાલી જગ્યા અને કુલ મંજુર મહેકમ ૨૧ છે.અને ૩ જગ્યા ભરેલી છે જેની પણ મુજુરી પૈકી (૧૩) જગ્યા મોરબી જીલ્લાને ફાળવી છે. જીલ્લા કક્ષા(સી.કલાર્ક)ની કુલ મંજુર મહેકમ ૨૪,ખાલી જગ્યા ૨૧ અને ૩ ભરેલી જગ્યા છે.તાલુકા કક્ષા (સી.કલાર્ક)ની કુલ મંજુર મહેકમ ૩૩,ખાલી જગ્યા ૩૦ અને ૩ ભરેલી છે. જુનિયર કલાર્ક સંવર્ગ (જી.પં.ના મા.મ અને સિંચાઈ વિભાગ) આઈસીડીસી કચેરીના ખાલી જગ્યા ૧૭,કુલ મંજુર મહેકમ ૩૦ અને ૧૩ ભરેલી જગ્યા છે.

જુનિયર કલાર્ક સંવર્ગ (જી.પં.ના મા.મ અને સિંચાઈ વિભાગ) આઈસીડીસી કચેરીની કુલ મહેકમ ૩૮,ખાલી જગ્યા ૨૪ અને ૧૪ ભરેલી જગ્યા આમ,કુલ મંજુર મહેકમ ૨૬૮, ખાલી જગ્યા ૧૯૫,૩૬ ત્વરયલી જગ્યા ૨૦% કાપની જગ્યા અને મોરબી ફાળવેલ જગ્યા ૨૨ છે.આ મુજબની ખાલી જગ્યાઓ ભરવા માટે યોગ્ય નિર્ણય લેવા,સુચના કરવા અથવા કરાર આધારિત જગ્યા ભરવા માટે મંજુરી આપવા ધ્રુપદબા અને કુંવરજીભાઈએ લેખીત જણાવેલ છે.

સિહોરમાં નાની મેમણ જમાત દ્વારા દાંતનો નિદાન કેમ્પ યોજાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ગઈકાલના રોજ નાની મેમણ જમાત સિહોર ટ્રસ્ટ રજી બી ૫૯ ની પાંચમી વર્ષગાંઠ અને ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન યુથ વિંગ સિહોરની પહેલી વર્ષગાંઠ નિમિતે ભગવતીનગર આંગણવાડી પાસે સિહોર ખાતે સાર્વજનીક દાંતનો ફ્રી નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ. જેમા દાંતના નિષ્ણાતો દ્વારા નિદાન કરી દવા આપવામા આવી સાથે જીરો બેલેન્સ જનધન એકાઉન્ટ તેમજ પ્રધાનમંત્રી જીવન વીમા યોજના અંતર્ગત જીવન વીમો કેમ્પ પણ સાથે જ રાખવામાં આવેલો આ કેમ્પનો સમય સવારે ૯ કલાકથી બપોરે ૧ કલાક સુધી રાખવામાં આવેલ હતો. જેમાં ઘણા લોકો એ ભાગ લીધો હતો. ખાસ કરી ને તમામ લોકોને સન્માનતી કરવામાં આવેલ અને સિહોરના તમામ મીડીયાઓને પણ પ્રમાણપત્ર આપેલ..આમ નાની મેમણ જમાત સિહોર દ્વારા સુંદર કાર્યક્રમનું આયોજન કરાયું હતું.(૧૨.૨)

શિક્ષાપત્રી પ્રાગટય જયંતી-વસંત પંચમી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૧

આ છે ઋતુઓમાં વસંતઋતુને ઋતુરાજની ઉપમાં અપવામાં આવી છે.મહાશુદ પાંચમથી વસંત ઋતુનુ આગમન થાય છે શ્રી સ્વમીનારાયણ ભગવાને વસંત-પંચમીનાં શુભ દિવસે જ સ્વામિનારાયણ સંપ્રદાયના અજોડ ગ્રંથમાં શિક્ષાપત્રિનું પ્રાગટય થયું છે.

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ૨૦૪-૨૦૫-૨૦૬,૨૦૯ શ્લોકોમાં સ્વમુખવાણીથી હરીભકતો,સંતો,ભકતજનો શિક્ષાપત્રીને દિવસે ખોડસો પ્રચારથી પુજન કરવું,૨૧૨ શ્લોકનું પઠન

આલેખન
શાસ્ત્રી બટુક મહારાજ
(સ્વામિનારાયણ મંદિરના પૂજારી કાળીપાટ)

કરી,શિક્ષાપત્રી માંથી માર્ગદર્શન મેળવી જીવન કેમ વધુ ને વધુ ઉજવલ બને તેની પ્રેરણા મેળવી,વસંત પંચમીને દીવસે ભગવાન શ્રી સ્વામિનારાયણને ચણીયા બોર,અજમેરી બોરનો હાર કંઠીની માફક ભગવાનને પહેરાવવા તથા ઘઉનો પોઠ શ્રી સ્વામિનારાયણ ભગવાનને ધરાવવો આવી રીતે અનેક પુજનથી કરેલું પુજાનું અનેક ગણું ફળ મળે છે.(૧૩.૮)

બાબરામાં ગેરકાયદેસર માટી ચોરીની ફરિયાદ

ખેડૂતોએ ખનિજ વિભાગને પત્ર પાઠવ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી,તા.૧૧

બાબરા તાલુકામાં સરકારી પડતર અને ખરાબા તેમજ નદી તળાવમાંથી કોઈપણ પ્રકારની લીજ તેમજ મંજૂરી વગર માટી ખનિજની ચોરી થતી હોવાની અવારનવાર ફરિયાદ ઉઠે છે પણ ખાણ ખનિજ વિભાગ દ્વારા કોઈ નકકર કાર્યવાહી નહીં કરવામાં આવતા માટી માફિયાઓ બેફામ બન્યા છે.

ત્યારે બાબરાના એક ખેડૂત દ્વારા તાલુકામાં સરકારી પડતર અને ખરાબાની જમીન તેમજ તળાવ અને નદીના પટમાંથી ગેરકાયદેસર માટીની ચોરી થતી હોવાની રજૂઆત સ્થાનિક તંત્રને કરવામાં આવેલ છે.

બાબરામાં રહેતા અને ખેતીકામ કરતા રમેશભાઈ પરસોતમભાઈ ભાલાળા દ્વારા મામલતદાર તેમજ ખાણ ખનિજ વિભાગને પત્ર દ્વારા જાણ કરી રજૂઆત કરેલ છે કે અહીં નીલવળા રોડ પર આવેલ તળાવ પર બેરોકટોકને ગેરકાયદેસર રીતે માટીની ચોરી કરવામાં આવી રહી છે. તેઓએ તંત્રને ટ્રેકટર તેમજ ટ્રોલી અને માટીની ચોરી કરનાર મુખ્યમ વ્યકિતનું નામ પણ જણાવ્યું. અહીં તળાવમાંથી માટી, ટાંચ, પથ્થરર કાઢી વેચવામાં આવી રહયા છે.

તેમજ આ ખેડૂત દ્વારા માટી ચોરીનું તમામ વિડીયો અને ફોટોગ્રાફી પણ કરેલ હોય જે તંત્ર જણાવે ત્યારે રજૂ કરવાનું પણ જણાવ્યું છે. ત્યારે બાબરા મામલતદાર અને ખાણ ખનિજ વિભાગ દ્વારા યોગ્ય નિવારણ કરવામાં આવે તેવી ખેડૂતની માંગણી છે.(૧૨.૬)

'સૌરાષ્ટ્રકાંતી' કાર્યાલયની મુલાકાત લેતા વોર્ડ નં.૨ના ભાજપના ઉમેદવારો

કોંગ્રેસ તો ભ્રષ્ટાચારની ગંગોત્રી, ભાજપ વિકાસની ગંગોત્રી...

કોંગ્રેસના મોઢે ભ્રષ્ટાચારની વાત બીલકુલ શોભતી નથી, ભાજપ ઉમેદવારોનો કટાક્ષ

લોકોની આંખે પાટા ન બંધાય, જયમીન ઠાકર, મનીષ રાડીયા, ડો.દર્શિતા શાહ અને મીનાબા જાડેજાના આકરા પ્રહારો

આઇ–વે પ્રોજેકટની ટીકા કરનારી કોંગ્રેસ સાંભળી લે, બહેનોના ગળા અડવા થતા બચી ગયા

મનમોહનસિંધની સરકારમાં કેલટયુલેટરના આંકડા ટુંકા પડે એટલો ભ્રષ્ટાચાર થયો હતો

લોકોની સલામતી માટે આઇ–વે પ્રોજેક્ટ શેરી–ગલીઓમાં લઇ જવાશેઃ ઠાકર, રાડીયા, શાહ, જાડેજા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલયની મુલાકાતે આવેલા રાજકોટ મનપાના વોર્ડ નં.૨ના ભાજપના ઉમેદવારોએ આજે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. અને ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવનાર કોંગ્રેસની હાંસી ઉડાવતા ભાજપના ચારેય ઉમેદવારોએ એવી તીખી ટકોર કરી હતી કે, કોંગ્રેસના મોઢે ભ્રષ્ટાચારની વાતો શોભતી નથી કેમ કે કોંગ્રેસ તો ભ્રષ્ટાચારની ગંગોત્રી છે અને ભાજપ વિકાસની ગંગોત્રી છે. લોકો પણ જાણે છે એટલે લોકોના મોઢે તાળા મારવાની કે લોકોની આંખે પાટા બાંધવાની ઘેલછા કોંગ્રેસે બંધ કરવી જોઇએ.

સૌરાષ્ટ્ર કાંતીના તંત્રી સાથે મોકળા મને વાતચીત કરતા ભાજપના ઉમેદવારો જયમીન નવનીતભાઇ ઠાકર, મનીષ નટવરલાલ રાડીયા, ડો. દર્શિતા પારસ શાહ અને મીનાબા અજયસિંહ જાડે જાએ જણાવ્યું હતું કે, મનમોહનસિંધ જયારે કોંગ્રેસના વડાપ્રધાન બન્યા હતા ત્યારે એમના શાસનમાં કેલ્કયુલેટરના આંકડા પણ ટુકા પડે એટલો ભ્રષ્ટાચાર થયો હતો એ લોકોને હજુ યાદ છે. પણ કોંગ્રેસ તેના ભુતકાળના કારનામાઓને આસાનીથી ભુલી જાય છે.

મહાનગરના આઇ-વે પ્રોજેકટની ટીકા કરવા બદલ કોંગ્રેસનો આકરા શબ્દોમાં ઉધડો લઇ નાખતા ભાજપના ઉમેદવારોએ જણાવ્યું હતું કે, આઇ-વે પ્રોજેકટ લોકોની સલામતી માટે અત્યંત જરૂરી છે. અમે કોંગ્રેસને એ યાદ કરવામાં માંગીએ છીએ આ પ્રોજેકટના કારણે જ મહાનગરોના માર્ગ પર બહેન દિકરીઓના ગળા અડવા થતા બચી ગયા છે. છાશવારે શહેરના માર્ગો પર બહેનોના ગળામાંથી સોનાના હાર અને ચેઇનની લુંટ ફાટની ઘટનાઓ બનતી રહેતી હતી. એ ઘટનાઓ આઇ-વે પ્રોજેકટના કારણે કાબુમાં આયવી છે અને બંધ થઇ ગઇ છે. કોંગ્રેસ આવા પ્રોજેકટનો વિરોધ કરે ત્યારે પ્રોજેકટ પાછળનો તેનો સાચો હેતુ શું છે તે નાનો બાળક પણ સમજી શકે છે. ભાજપના ઉમેદાવારોએ ઉમેર્યું હતું કે, આઇ-વે પ્રોજેકટથી બહેનો દિકરીઓ માટે રસ્તા સલામત બન્યા છે એટલુ જ નહીં. પરંતુ અપરાધીઓને પકડવામાં પોલીસને પણ ખુબ જ મદદ મળી શકે છે. ગુના આચરવામાં આવ્યા બાદ ગુનેગારો બહુ સતાઇને લાંબો સમય છુપાઇ રહી શકતા નથી અને પોલીસના હાથમાં આવી જાય છે. આ તકે અમે કોંગ્રેસને એ પુછવા માગીએ છીએ કે, આ પ્રોજેકટ શું લોકોની સલામતી માટે જરૂરી નથી. ભાજપતો આઇ-વે પ્રોજેકટને શહેરના ખુણે ખુણે લઇ જવા માંગે છે. રાજય અને મનપાના પ્રોજેકટથી મહાનગરોના એક એક માર્ગ અને એક-એક ખુણાને આવરી લેવાની ભાજપ સરકારની યોજના છે.

સૌરાષ્ટ્ર કાંતીની શુભેચ્છા મુલાકાતે ભાજપના ઉમેદવારો જયમીન ઠાકર, મનીષ રાડીયા, ડો. દર્શિતા શાહ, મીનાબા જાડેજા, ભાજપ અગ્રણી ધરમેન્દ્ર મિરાણી માધવ દવે તસવીરમાં નજરે પડે છે

ભાજપના ઉમેદવારોએ વોર્ડ નં.૨ માટેના વિકાસની યોજનાઓ વીશે પણ વિગતવાર રૂપ રેખા આપી હતી અને જણાવ્યું હતું કે આ વોર્ડમાં ભાજપે વિકાસના જેટલા કામો કર્યા છે એ તમામને વોર્ડવાસીઓએ વધાવી લીધા છે. એ માટે જ અમને લોકોનો ઠેર-ઠેર ઉષ્માભર્યો આવકાર મળી રહયો છે. તેમણે સ્પષ્ટ દાવો કર્યો હતો કે અત્યારે આ વોર્ડમાં કોઇ પણ ગંભીર સમસ્યા નથી અમે વોર્ડના ભાવી વિકાસની યોજનાઓ બનાવી રહયા છીએ. આ વોર્ડમાં રૂ.૯૫ કરોડના વિકાસ કામોતો પરીપુર્ણ કરી લેવામાં આવ્યા છે અને હજુ વધુ નવા પ્રોજેકટ હાથ ધરવામાં આવશે. એમણે લોકોના સહયોગ અને સહકાર બદલ વોર્ડની સમગ્ર જનતાનો હદય પુર્વક આભાર વ્યકત કર્યો હતો.

ભાજપ ઉમેદવારોએ ભાવુક થઇને જણાવ્યું હતું કે, લોકોના આશીર્વાદ થકી છેલ્લા ૪૫ વર્ષથી વોર્ડ નં.૨માં કોર્પોરેટર તરીકે ભાજપના ઉમેદવારો જ ચૂંટાઇ રહયા છે એ કોઇ નાનીસુની વાત નથી એ માટે લોકોના આશીર્વાદ, ઉમળકો અને ભાજપ પ્રત્યેનો અગાઠ અને અસીમ પ્રેમ કારણ ભુત છે અને અમને માત્ર આશા નહીં બલકે પુરી શ્રધ્ધા છે કે, વોર્ડ નં.૨માં અમે વિજયની ગોલ્ડન જયુબેલી ઉજવશું. અમને આશા છે કે અત્યાર સુધી વોર્ડ નં.૨ની જનતાનો જેવો ઉમદા, મજબુત અને નક્કર સહકાર મળતો રહયો છે એવો જ અમને આ વખતે પણ મળશે. અમે વોર્ડ નં.૨નો નમુનેદાર વિકાસ કરવા માટે સંકલ્પ બધ્ધ છીએ અને પુરા દિલથી લોકોને ખાત્રી આપીએ છીએ કે વોર્ડના કોઇપણ રહેવાસીએ રજૂઆત કરવી હોય તો અમારા ઘરના દ્વાર અડધી રાતે પણ ખુલ્લા રહેશે.

ભાજપના આ ચાર ઉમેદવારોની પેનલ વોર્ડમાં ખુબ જ લોકપ્રીયતા ધરાવે છે. ગત બોડીમાં પણ એમણે ખુબ જ વિકાસના કામો કર્યા છે અને વોર્ડને આદર્શ બોર્ડ બનાવવા ખુબ જ જહેમત ઉઠાવી છે. જયમીન ઠાકર એવા લોકપ્રતિનિધિ તરીકે વિખ્યાત બન્યા છે કે, પ્રશ્ન રજૂ થાય તો પલકવારમાં તેનો ઉકેલ લાવી દેનારા રાજધાની એકપ્રેસ ઝડપ ધરાવતા લોકપ્રતિનિધિ બની રહયા છે. મનીષ રાડીયા આરોગ્ય અને આવાસના ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી બજાવી છે. ડો.દર્શિતાબેન વિધવા સહાય, સખી મંડળ અને મહિલા ઉત્કર્ષ યોજના દ્વારા બહેનોને આત્મનિર્ભર બનાવવાની યાદગાર કામગીરી કરી રહયા છે. અગ્રણી વ્યપારી પરીવાર સાથે સંકળાયેલા શ્રીમતી મીનાબા જાડેજાએ કોરોના કાળમાં જરૂરીયાત મંદ પરીવારોને ભોજન પહોંચાડીને જે અમુલ્ય સેવા બજાવી એ હજુ આ વોર્ડ યાદ રાખે છે. એ રીતે જયમીનભાઇ ૨૪ કલાકના જાગતા પ્રહરીનું બિરૂદ મેળવી શકયા છે. મનીષભાઇ રાડીયા સેવાના સારથી તરીકે વોર્ડમાં મન સન્માન ધરાવે છે. ડો.દર્શિતાબેન શાહ નારી શકિતનું અનેરૂ રૂપ બનીને બહાર આવ્યા છે અને શ્રીમતી મીનાબા જાડેજા લોકસેવાનો પર્યાય બન્યા છે.

ભાજપના આ ચારેય ઉમેદવારોએ લોકોને ભાજપના ચારેય ઉમેદવારોને મત આપી પેનલને પ્રચંડ બહુમતી સાથે વિજય બનાવવા વોર્ડ નં.૨ની મતદાર જનતાને અપીલ કરી છે અને જનતા એમને ચોક્કસ વિજયની વરમાળા પહેરાવશે એવી શ્રધ્ધા એમને વ્યકત કરી છે. એમણે દરેક મતદારને ચાર મત આપવાનો અધિકાર હોવાનું જણાવી દર્શાવ્યું છે કે, કમળનું બટન એટલે વિકાસનું બટન છે.

સુરતઃ સજ્જુ કોઠારી સહિત ૮ સામે ગુજસીટોક દાખલ

૫ ની રાતોરાત ધરપકડ, ૩ વોન્ડેટ જાહેર

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-સુરત)

સુરત,તા.૧૧

ગુજસીટોક કાયદા હેઠળ વધુ એક ગુનો નાનપુરાના માથાભારે સજ્જુ કોઠારી સહિત ૮ની સામે અઠવાલાઇન્સ પોલીસમાં દાખલ થયો છે. સજ્જુ કોઠારીની ગેંગના તેના ભાઇ મોહંમદ યુનુસ કોઠારી, જાવીદ ગુલામ મલેક, મોહંમદ આરીફ શેખ, આરીફ શેખ અને મોહંમદ કાસીમ અલીને પોલીસ મોડીરાતે ઊંચકી લાવી હતી. પાંચેયનો કોરોનાનો રિપોર્ટ આવ્યા પછી ધરપકડની કાર્યવાહી કરાશે. જ્યારે માથાભારે સજ્જુ કોઠારી ઘરે મળી આવ્યો ન હતો. હાલમાં સજ્જુ સહિત ૩ ફરાર છે. માથાભારે સજ્જુ કોઠારી સામે ૬, તેના ભાઈ મોહંમદ યુનુસ કોઠારી સામે ૨, સમીર શેખ-૩, મોહંમદ કાસીમ-૨, જાવીદ ગુલામ-૨, આરીફ શેખ-૩, મોહંમદ આરીફ-૨, હસનૈન કોકાવાલા-૨ ગંભીર ગુના નોંધાયેલા છે. સજ્જુ કોઠારી સામે ૧૫ ગુના નોંધાયેલા છે અને પાસા-તડીપાર સહિતની પણ અગાઉ કાર્યવાહી થઈ હતી. વર્ષ ૨૦૧૮માં સજ્જુ કોઠારીએ અઠવા પોલીસના બે પોલીસને પર માર માર્યો હતો. સજ્જુ કોઠારીના ૫ સાગરિતોને ઊંચકી લાવતા લોકોના ટોળા પોલીસ સ્ટેશને જમા થયા હતા. જેના કારણે અઠવા પોલીસની બહાર બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ભૂતકાળમાં માથાભારે સજ્જુ કોઠારીને પોલીસ પકડી લાવી હતી ત્યારે પણ મહિલાઓના ટોળા પોલીસ સ્ટેશનની બહાર જમા થયા હતા.

'સમર્પણ દિન' અંતર્ગત કર્ણાવતીથી વીડિયો કોન્ફરન્સથી મહાનુભાવોનું ઉદ્‌બોધન કરતા વિજય રૂપાણી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

આજીડેમ ખાતે ભારતીય જનતા પાર્ટી, રાજકોટ મહાનગરના ઉપક્રમે એકાત્મા માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાલજી ઉપાધ્યાયજીના સમર્પણ દિન અંતર્ગત તેમની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના અધ્યક્ષાસ્થાને કરવામાં આવેલ હતો. તેમજ આ પ્રસંગે શહેરના ૧૮ વોર્ડના ૧૮ રથોનું મહાનુભાવોના હસ્તે પ્રસ્થાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, મહીલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, મહીલા અગ્રણી કાશ્મીરાબેન નથવાણી,ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, પૂર્વ મેયર ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન ઉદય કાનગડ, રાજુભાઈ બોરીચા સહીતના ઉપસ્થિત રહયા હતા.આ તકે ભાજપના તમામ ૧૮ વોર્ડના ૭૨ ઉમેદવારો, સંગઠનના હોદેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

કર્ણાવતી ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષા સી.આર.પાટીલના અધ્યક્ષાસ્થાને યોજાયેલ કાર્યક્રમ સાથે વર્ચ્યુઅલથી રાજકોટ સહીતની ૪૧ શહેર-જિલ્લાઓને વીડીયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરવામાં આવ્યું હતું.આ તકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે પં. દીનદયાળ ઉપાધ્યાયે જનસંઘનો વ્યાપ વધારવામાં અને ઉચ વિચારની વૈચારિક ભુમીકા આપવામાં મહત્વનો ફાળો આપેલ છે. તેમણે એકાત્મ માનવવાદ અને અંત્યોદયના વિચારો છેવાડાના માનવીના ઉત્થાન માટેના માનવજીવન દર્શન પ્રસ્તૃત કરીને દુનિયાને દંગ કરી હતી. દિવસે સંકલ્પબધ્ધ થઈને ગરીબો, પીડીતો, શોષીતોના ઉત્કર્ષ કરવા અને જયા માનવી ત્યા સુવિધા આપીએ.અને રાજકારણમાં મૂલ્યની સ્થાપના કરીએ.

આ તકે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે કહયુ કે પં. દીનદયાલ ઉપાધ્યાયએ તેમનું સમગ્ર જીવન ભારત માતા ની સેવા માટે અર્પણ કરી દીધેલ હતુ. તેમણે આ તકે રાજય સરકારની વણથંભી વિકાસ યાત્રાની વિગતો આપી હતી.પ્રદેશ ભાજપ અધ્યક્ષા સી.આર. પાટીલજીએ પં. દીનદયાળ ઉપાધ્યાયજીના નિર્વાણ દિન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સંદેશાનું વાંચન કરતા જણાવ્યું હતું કે, મહાન દાર્શનિક પં. દીનદયાળ ઉપાધ્યાયજીના આ નિર્વાણ દિને તેમણે ચીંધેલા મૂલ્યો અને સિધ્ધાંતોને અનુસરીને જીવનમાં આગળ વધીએ. તેમના મૂલ્યો આજે પણ સાર્થક છે. ન્યુ ઈન્ડીયાના નિર્માણમાં આપણે સૌ સહભાગી બનીએ. પ્રદેશ ભાજપ અધ્યક્ષા સી.આર. પાટીલે આ તકે ભાજપના સ્થાનીક સ્વરાજય સંસ્થાના ઉમેદવારો અને ભાજપના કાર્યકર્તાઓને પાર્ટીના નિયમોનું પાલન કરવા સમાજ, રાજય, દેશ ના વિકાસમાં સહયોગ આપવા સંકલ્પ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમની વ્યવસ્થા આજીડેમ ખાતે શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીએ સંભાળી હતી અને આ સાથે શહેરના તમામ વોર્ડમા વીડીયો રથ રવાના કર્યા હતા.(૧૩.૧૭)

આજીડેમ ખાતે પં.દીનદયાલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી શહેરના ૧૮ વોર્ડના વિકાસગાથા વર્ણવતા વીડિયો રથોનું પ્રસ્થાન

શહેર ભાજપ દ્વારા આઈ.ટી. સોશિયલ મીડિયાનો માર્ગદર્શક અભ્યાસ વર્ગ યોજાયો

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૧

આગામી તા.૨૧ ફેબ્રુઆરીના રોજ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે અને ભારતીય જનતા પાર્ટીના તમામ ઉમેદવારો ચૂંટણી પ્રચાર કાર્યમાં જોડાઈ ગયા છે ત્યારે આઈ.ટી. અને સોશ્યલ મીડીયા દ્વારા પ્રચાર- પ્રસાર કાર્યને વેગવંતુ બનાવવા શહેરની રાણીંગા વાડી ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને પ્રદેશ સોશ્યલ મીડીયા ઈન્ચાર્જ સિધ્ધાર્થભાઈ પટેલ, સહઈન્ચાર્જ મનનભાઈ દાણી, પ્રદેશ આઈ.ટી. સેલ ઈન્ચાર્જ નિખિલભાઈ પટેલ, સહઈન્ચાર્જ મહેશભાઈ મોદી, ની ઉપસ્થિતિમાં શહેર ભાજપ આઈ.ટી-સોશિયલ મીડીયાનો માર્ગદર્શક અભ્યાસ વર્ગ યોજાયો હતો.. આ અભ્યાસવર્ગમાં શહેર ભાજપના હોદેદારો, શહેર ભાજપ આઈ.ટી.-સોશિયલ મીડીયા ટીમ, શહેરના તમામ વોર્ડના ભાજપના ઉમેદવારો, તેમજ શહેરની ચારેય વિધાનસભા, વોર્ડ, મહિલા મોરચા, યુવા મોરચાની આઈ.ટી-સોશિયલ મીડીયાની ટીમ ઉપસ્થિત રહયા હતા.

ભાજપની કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ સોશિયલ મિડિયા થકી જન-જન સુધી પહોંચાડવા કાર્યકર્તાઓ સેતુરૂપ બનેઃ કમલેશ મિરાણી

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, સૌરાષ્ટ્ર ઝોનના આઈટી-સોશિયલ મીડીયાના પ્રભારી ઉજાશભાઈ પટેલ, જયરાજભાઈ બ્રહમભટ્ટ,શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ,સૌરાષ્ટ્ર ઝોનના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, શહેર ભાજપ આઈટી-સોશિયલ મીડીયા ઈન્ચાર્જ નિતીન ભુત, સહ ઈન્ચાર્જ હાર્દીક બોરડ સહીતના ઉપસ્થિત રહયા હતા. આ અભ્યાસ વર્ગનું સંચાલન જીતુ કોઠારી અને આભારવિધિ કિશોર રાઠોડે કરેલ, સ્વાગત પ્રવચન નિતીન ભુતે તેમજ સમગ્ર વ્યવસ્થા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ અને કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીએ સંભાળી હતી.

આ તકે કમલેશ મિરાણીએ સોશિયલ મીડીયાના વિવિધ માધ્યમો દ્વારા પ્રજાના જુદા-જુદા સમુહોને કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ તથા મહાનગરપાલિકાના પ્રજાલક્ષી વિવિધ કલ્યાણ કાર્યોનો સંદેશો પહોંચાડવા માર્ગદર્શન પુરૂ પાડતા જણાવેલ કેભાજપની કેન્દ્ર તથા રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને પંચનિષ્ઠા, અંત્યોદય અને એકાત્મ માનવવાદની વિચારધારાને સોશિયલ મીડીયા થકી જન-જન સુધી પહોંચાડવા તમામ કાર્યકર્તાઓ સેતુરૂપ બને.

આ તકે પ્રદેશ સોશિયલ મીડીયાના સિધ્ધાર્થભાઈ પટેલે સોશિયલ મીડીયાના ઉપયોગ અંગેના વિવિધ મુદાઓ અંગે માર્ગદર્શન આપતા જણાવેલ કે સોશ્યલ મીડીયાના વિવિધ માધ્યમોનો મહતમ ઉપયોગ કરીને કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોચાડવા જણાવેલ હતું.(૧૩.૧૬)

શાળા સંચાલક મંડળ શિક્ષણબોર્ડને રજૂઆત

ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને ૨૦૨૧માં લેવાનાર પરીક્ષાનું કેન્દ્ર વતનમાં આપવા માંગણી

વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આ એક વર્ષ પૂરતી શાળા કક્ષાએ લેવો વિદ્યાર્થીઓના હિતમાં

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

કોવિડ-૧૯ને કારણે ધોરણ ૧૦ અને ૧૨ ના હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને માર્ચ ૨૦૨૧માં લેવાનાર પરીક્ષાનું કેન્દ્ર વતનનું(રહેઠાણનું) આપવા અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા એક વર્ષ પૂરતી શાળા કક્ષાએ લેવા અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળના મંત્રી ડો. પ્રિયવંદન કોરાટે ગુ.મા અને ઉ.મા. શિક્ષણ બોર્ડના અધ્યક્ષને પત્ર પાઠવી જણાવેલ કે, કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીમાં શાળાઓ તથા હોસ્ટેલો ખુલવા છતાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મોટા ભાગના વાલીઓ કોવિડ-૧૯ ના ડરને કારણે પોતાના બાળકોને હોસ્ટેલમાં રાખી અભ્યાસ કરાવવા માંગતા નથી. આગામી મે-૨૦૨૧ માં લેવાનાર, ધોરણ ૧૦ અને ૧૨ ના હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પોતાના વતન (રહેઠાણ) અથવા રહેઠાણ/વતનથી નજીકના પરીક્ષા કેન્દ્ર ખાતે ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા આપવા માટે એક વર્ષ પૂરતી છૂટ આપવી જોઈએ. તેમજ કોવિડ-૧૯ ની મહામારીને કારણે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા આ એક વર્ષ પૂરતી જે તે શાળામાં શાળા કક્ષાએ લેવી જોઈએ. આ બંને બાબતે વિદ્યાર્થીઓના ભવિષ્યના વિશાળ હિતને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવા ડો.પ્રિયવંદન કોરાટે રજૂઆત કરી છે. (૧૩.૧૧)

ભારતની વેકસીનનો જયજયકાર : WHO કહે છે સલામત આ મહિનામાં જ ઇમર્જન્સી ઉપયોગની વૈશ્વિક છૂટ આપશે : નવા સ્ટ્રેન સામે પણ ઉપયોગી : આડ અસર કરતા ફાયદા વધુ છે : વૃધ્ધો માટે પણ સલામત

સુરતમાં મિલ માલિક અને ચાર યુવક સહિત ૧૦એ જીવન ટૂંકાવ્યું

ડિંડોલી, રાંદેર, ચોક અને અઠવામાં આપઘાતના બનાવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-સુરત)

સુરત,તા.૧૧

શહેરમાં બુધવારે એક જ દિવસમાં આપઘાતના અલગ અલગ દસ બનાવો સામે આવ્યા છે. જેમાં પારિવારિક કારણોસર ડિંડોલીમાં એક મહિલાએ તેમજ રાંદેર અને ચોકમાં બે યુવતીઓ બીમારી અને ડિપ્રેશનના કારણે અઠવા અને ડિંડોલીમાં બે વૃદ્ધોએ, એકલવાયા જીવનથી કંટાળી ચોકમાં આધેડે તેમજ અન્ય અલગ અલગ કારણોસર ડૂમસ, સચીન જીઆઈડીસી, પાંડેસરા અને ઉમરામાં ચાર યુવાનોએ જીવન ટૂંકાવી લીધું છે.

ડિપ્રેશનથી ત્રીજા માળેથી પડતું મુક્યું

મજુરાગેટ વિજય નગર ક્રિષ્નાશ્યામ કોમ્પલેક્ષ ખાતે રહેતા શશિકાંત રતિલાલ લેખડીયા(૭૪) મિલ ચલાવતા હતા. એક વર્ષથી મિલ બંધ થઈ જતા તેઓ ડિપ્રેશનમાં હતા. બુધવારે ચાલવા જવાના બહાને કોમ્પલેક્ષના ત્રીજા માળ પર ટેરેસ પર ગયા હતા અને ટેરેસ પરથી પડતું મુકી જીવન ટુંકાવી લીધું હતુ. **કેસ ૨: લગ્નમાં જવાની ના પાડતા આપઘાત** રાંદેર ટેકરા ફળીયા ખાતે રહેતી કશિશ આસ્તીક પટેલ(૧૭)ના મામાને ત્યાં લગ્ન પ્રસંગ આવી રહ્યો હતો. જેમાં જવા માટે કોરોનાના કારણે પરિવારે ના પાડતા કશિશને માઠુ લાગી આવ્યું હતું. જેથી તેણે ઝેરી દવા પી લેતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. સારવાર દરમિયાન મંગળવારે મોત થયું હતું. **કેસ ૩: ટિફીન મુદ્દે ઝગડા બાદ આત્મહત્યા** કોઝવેરોડ નવનાથ સોસાયટીમાં વિજય પેલેસ ખાતે રહેતી રૂપા ચંદુમોહન રાજપુત(૧૮) પિતાથી અલગ માતા અને ભાઈ સાથે રહેતી હતી અને ઘરકામ કરતી હતી. ટીફીન બનાવવા બાબતે મંગળવારે ભાઈ સાથે ઝગડો થયા બાદ માઠુ લાગી આવતા મંગળવારે મોડી રાત્રે ફાંસો ખાઈ આપઘાત કરી લીધું હતું. **કેસ ૪: પારિવારિક ક્લેશમાં ઝેર દવા પીધી**નવાગામ ડિંડોલીમાં રહેતા રચનાબેન પવન મિશ્રા(૨૭)ના પતિ કારખાનામાં કામ કરે છે. બે દિવસ પહેલા રચનાબેને ઝેરી દવા પી લીધી હતી.સ્મીમેરમાં સારવાર દરમિયાન તેમનું મંગળવારે મોત થયું હતું. રચનાબેનના પતિએ પોતાના પિતા અને ભાભી મિલકત ભાગ ન આપવો પડે માટે હેરાન કરતા હોવાથી રચનાએ આપઘાત કર્યાનો આક્ષેપ કર્યો હતો. **કેસ ૫ : સચીનમાં યુવકે ફાંસો ખાઈ લીધો**

સચીન જીઆઈડીસી ખાતે રહેતા સંજય નાનક ચૌધરી(૩૦)એ મંગળવારે પોતાના ઘરમાં પતરાની છતના લોખંડના પાઈપ સાથે મફલર વડે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. સંજયભાઈએ ક્યાં કારણસર આપઘાતનું પગલું ભર્યું તે જાણી શકાયું ન હતું. **કેસ ૬: માઠું લાગતા ફાંસો ખાઈ આપઘાત** પાર્લેપોઈન્ટ પાસે ખાનસાહેબની વાડી ખાતે રહેતા ઉર્વેશ ચંદ્રકાંત પટેલ(૨૦)ના પિતા અંબિકા નિકેતન બહાર પુજાની સામગ્રી પ્રસાદ વેચી ગુજરાન ચલાવે છે. ઉર્વેશ કામધંધો કરતો ન હોવાથી તે બાબતે માતા-પિતા ઠપકો આપતા હતા. દરમિયાન બુધવારે વહેલી સવારે ઉર્વેશે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. **કેસ ૭ : ગોડાઉનમાં યુવકે ફાંસો ખાધો** અડાજણના નિકુંજ પટેલ(૩૯)આભવામાં બિલ્ડવેરના ગોડાઉનમાં કામ કરતા હતા. તેઓ છેલ્લા કેટલાક સમયથી દુ:ખાવાની ફરીયાદ કરતા હતા. મંગળવારે ગોડાઉનમાં ફાંસો ખાઈ લીધો હતો. ખિસ્સામાંથી સ્યુસાઈડ નોટ મળી હતી જેમાં મનમાં વિચારોના કારણેએ આત્મહત્યા કરી રહ્યા હોવાનું લખ્યું હતું.

કેસ ૮: એસિડ ગટગટાવી જીવન ટૂંકાવ્યું વેડરોડ ખાતે રહેતા મનોજભાઈ વિભીષણ સિહસતે(૫૨) એકલવાયું જીવન વ્યતિત કરતા હતા. મંગળવારે એકલવાયા જીવનથી કંટાળીને મનોજભાઈએ એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નિપજ્યું હતું. **કેસ ૯ : પાંડેસરાના યુવકે ફાંસો ખાધો** પાંડેસરા કરશન નગર ખાતે રહેતા ગોપીનાથ ભગવાન પરીડા(૨૫)એ પણ બુધવારે સવારે પોતાની રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા પાંડેસરા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. પરંતુ ગોપીનાથે ક્યાં કારણસર આપઘાત કર્યો તે પોલીસ જાણી શકી ન હતી. **કેસ ૧૦: અસ્થમાથી કંટાળી જીવન ટૂંકાવ્યું** ડિંડોલી જગદંબાનગર શ્રીહરી સોસાયટીમાં રહેતા ગોકુલ ઓમકાર લોહારે(૭૬)નિવૃત્ત જીવન વ્યતિત કરતા હતા. તેઓ છેલ્લા દસ વર્ષથી શ્વાસની બીમારીથી પીડાતા હતા. જેથી બીમારીથી કંટાળીને બુધવારે સવારે પોતાના ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

સુરતમાં સાવકા પિતાએ દીકરીનો ન્હાતો વીડિયો ઉતારી જાતીય શોષણ કર્યું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત,તા.૧૧

સુરતના સીમાડામાં સાવકા પિતાએ ૧૬ વર્ષીય સગીરાને ડરાવી-ધમકાવી જાતીય શોષણ કર્યું હતું. ચાર વર્ષ પહેલાં બનેલી ઘટનામાં સમાધાન બાદ પણ સાવકો પિતા સુધર્યો ન હતો. લોકડાઉનમાં વતન ગયા ત્યાં સાવકી દીકરીનો ન્હાતો વીડિયો ઉતાર્યો હતો. આ મામલે સરથાણા પોલીસમાં ગુનો નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે સીમાડામાં શ્યામધામ ચોક ખાતે રહેતાં ૪૦ વર્ષીય યુવતી મૂળ અમરેલીના વતની છે. પહેલાં પતિ થકી તેમને ૧૬ વર્ષની પુત્રી છે. પહેલાં પતિ સાથે છૂટાછેડા લીધા બાદ તેણે ગત ડિસેમ્બર ૨૦૧૮માં જગદીશ રાદડિયા (મૂળ ભાવનગર) સાથે બીજા લગ્ન કર્યા હતા. ચાર વર્ષ પહેલાં તેઓ પાસોદરા ખાતે રહેતા હતા ત્યારે જગદીશ નવી મોપેડ પર આંટો મારવા જવાના બહાને સગીરાને અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને અડપલાં કર્યા હતા. માતાની ગેરહાજરીમાં સાવકો પિતા સગીરા સાથે અડપલાં કરતો હતો. દરમિયાન સ્કૂલમાં ગુડ ટચ અને બેડ ટચની જાણકારી આપતાં ભાંડો ફૂટ્યો હતો. જે બાદ દીકરીએ માતાને જાણ કરતાં ભારે હોબાળો થયો હતો. જોકે જગદીશે માફી માગી સમાધાન કરી લીધું હતું. જ્યાં વતનમાં બાથરૂમમાં ન્હાતી સગીરાનો મોબાઈલમાં વીડિયો ઉતારતાં જગદીશ પકડાઈ ગયો હતો. ભાંડો ફૂટી ગયો તો જગદીશે ગાળાગાળી બાદ મારપીટ પણ કરી હતી. આખરે વતનથી સુરત આવ્યા બાદ પરિવારજનોને જગદીશની હરકતોથી વાકેફ કર્યા બાદ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સાચી હોસ્પિટલે બાળકની સારવાર વગર જ લાખ રૂપિયા લીધાનો પરિવારનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત,તા.૧૧

સામન્ય માણસને કોઈપણ શારીરિક તકલીફ થાય તો તે પહેલા જ ડૉક્ટરની પાસે દોડે છે, તેને વિશ્વાસ હોય છે કે, ડૉક્ટર મને સારો કરી શકે છે. ત્યારે સુરતમાં એક વ્યક્તિએ ત્રણ ડૉક્ટર પર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, તેમના નાના દીકરાનું ડૉક્ટરોએ ઓરેશન કર્યા વગર જ તેમની પાસેથી સારવારના એક લાખ રૂપિયા પડાવી લીધા છે. બાળકના ફેફસામાં સીંગનો દાણો ફસાયેલો છે તે કાઢવાની સારવાર કરવા માટે એક ઓપરેશન કર્યું હતું પરંતુ આ ઓપરેશન બાદ પણ બાળકને પેટમાં દુખતા અન્ય હોસ્પિટલમાં સોનોગ્રાફી કરાવતા જાણવા મળ્યું કે, સીંગદાણો જ્યાં હતો ત્યાં જ છે.

જેથી પરિવારે આ અંગે અનેક જગ્યા રજૂઆત કરી હતી છતા પણ ક્યાંય પણ કાર્યવાહી કરવામાં આવી નથી રહી જેના કારણે હાલ પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે. સુરતના રવિ સતાસીયા કે જે મધ્યમ પરિવારમાંથી સુરતમાં ભાડાના મકાનમાં રહી ને કોરોના સમયમાં ધંધા વગર જીવન જીવી રહ્યા હતા તેવામાં તેમના બાળક ને દુખાઓ થતા મુજરા ફાયટર સ્ટેશન નજીક આવેલી સાચી ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે બાળકને લઈ ગયા હતા. ત્યાંના ફરજ પરના તબીબ દ્વારા કહેવામાં આવ્યું કે, બાળકના ફેફસામાં શિંગનો દાણો ફસાઈ ગયો છે તેનું ઓપરેશન કરી ને કાઢવો પડશે. તેનો ખર્શ ૭૦,૦૦૦ હજાર થશે. પરિવારે જે મતેમ કરીને પોતાના વ્હાલસોયા દીકરા માટે રુપિયાની વ્યવસ્થા કરી અને ઓપરેશન કરાવી લીધું. જે બાદ રવિભાઈએ ત્રણ હોસ્પિટલના ત્રણ ડૉકડરો ઉપર ગંભીર આક્ષેપ કર્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે, ઓપરેશન કર્યાનું કોણ પણ પ્રુફ હોસ્પિટલમાંથી આપવામાં આવ્યું નથી અને બીજા ત્રીસ હજાર પણ ડોક્ટરે કીધું એ મુજબ આપી દીધા. એટલે ટોટલ એક લાખ રૂપિયા આ બાળકના હોસ્પિટલમાં ઓપરેશન કરાવવા માટે આપ્યા હતા.ઓપરેશન બાદ પણ બાળકને દુખાઓ સતત થયા કરતો હતો.

પાંડેસરાના કારખાનેદાર સાથે ૧૮ લાખની છેતરપિંડી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-સુરત)

સુરત,તા.૧૧

ભેસ્તાનના કારખાનેદાર પાસેથી ઉત્તર પ્રદેશના બે ઠગ ભાઈઓએ ગ્રે-કાપડનો માલ લઈ ૧૮ લાખની ચુકવણી ન કરતા પાંડેસરા પોલીસે બન્ને ભાઈઓ સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. ભેસ્તાન ભગવતી નગર ઈન્ડસ્ટ્રીયલના કારખાનેદાર ભરતકુમાર પટેલ પાસેથી વર્ષ ૨૦૧૮માં ઉત્તરપ્રદેશના બે ભાઈઓ ગ્રે-કાપડનો ૧૯.૧૩ લાખ રૂપિયાનો માલ ક્રેડિટ પર લીધો હતો. શરૂઆતમાં ૧.૦૩ લાખની રકમ ચેકથી આપી બાકીના ૧૮ લાખ રૂપિયા બે મહિનામાં આપવાનો તેમણે કારખાનેદારને વાયદો કર્યો હતો. કારખાનેદારે રૂપિયાની માંગણી કરતાં બન્ને ભાઈઓ ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. રૂપિયા લેવા માટે કારખાનેદાર ભરતકુમાર પટેલ ત્રણ વખત ઉત્તર પ્રદેશ પણ જઈ આવ્યા હતા. દર વખતે બંને આરોપીઓ ધંધામાં મંદી છે એવા બહાના કાઢી રૂપિયા આપતા ન હતા. કારખાનેદાર ભરત પટેલે પાંડેસરા પોલીસમાં ફરિયાદ આપી હતી. જેના આધારે પોલીસે આરોપીઓ અકીબ યજદાની અને ખાલીદ યજદાની(બન્ને રહે,વારાણસી,યુપી)ની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે.

સુરતમાં એસસી સેલના પ્રમુખ ભાજપમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત,તા.૧૧

કોંગ્રેસને ચૂંટણી પહેલા સૌથી મોટો ફટકો સુરતમાં પડ્યો છે. કોંગ્રેસને પાસ સાથે લીધેલો પંગો ભારે પડ્યો છે. છેલ્લાં ત્રણ દિવસમાં કોંગ્રેસના અનેક ઉમેદવારો ફોર્મ પરત ખેંચી ચૂક્યા છે, તો અનેક કાર્યકર્તાઓએ પક્ષ સાથે છેડો ફાડ્યો છે. ત્યારે આજે સુરતમાં કોંગ્રેસને સૌથી મોટો ખાડો પડ્યો છે તેવુ કહી શકાય. સુરત કોંગ્રેસના એસસી સેલના પ્રમુખ ભાજપમાં જોડાયા છે. સુરતમાં કોંગ્રેસના એસસી સેલના પ્રમુખ કિરીટ રાણા પોતાના ૫૦૦ થી વધુ કાર્યકરો સાથે ભાજપ (મ્ત્નઁ) માં જોડાયા છે. તેમનુ કહેવુ છે કે, તેઓએ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાનું બરાબર સ્વાગત ન કરતા તેમની ટિકિટ કાપવામાં આવી છે. તેથી તેઓએ પક્ષ તરફી નારાજગી દર્શાવી હતી અને કોંગ્રેસમાં રાજીનામુ આપ્યું છે.

તેઓએ કોંગ્રેસમાં આપેલા રાજીનામાની હોળી કરી હતી. તો સાથે જ કહ્યું કે, તેઓ કોંગ્રેસમાં ૨૦ વર્ષથી સેવા આપી રહ્યા હતા, તેમ છતા પક્ષે તેમની કદર ન કરી અને ટિકિટ ન આપી. કોંગ્રેસે મારી ટિકિટ કાપી છે. તેથી હવે તેઓ ભાજપમાં જોડાઈને કોંગ્રેસને હરાવવાના તમામ પ્રયાસો કરશે. મારી સાથે ભાજપમાં ૫૦૦ કાર્યકર્તા જોડાયા છે. તો સુરતમાં વોર્ડ નંબર ૧ના ઉમેદવાર તપન રાણા પણ ભાજપમાં જોડાયા છે. આમ કોંગ્રેસના અનેક મોટા માથા ભાજપમાં જોડાઈ રહ્યાં છે. કોંગ્રેસમાં એક પછી એક રાજીનામા પડી રહ્યાં છે.

જેથી સુરતમાં ચૂંટણી જીતવી કોંગ્રેસ માટે લોખંડના ચણા ચાવવા જેવી બાબત બની ગઈ છે. આ કપરા ચઢાણ કોંગ્રેસ પાર કરશે કે નહિ તે જોવાનું રહ્યું. સુરત મહાનગર પાલીકાની ૧૨૦ બેઠક પર કુલ ૪૮૪ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપમાં ૧૨૦, કોંગ્રેસમાં ૧૧૭, આપ પાર્ટીમાંથી ૧૧૪, અપક્ષ ૫૫ અને અન્ય પક્ષના ૭૮ ઉમેદવાર મેદાનમાં છે. આજે કોંગ્રેસના બે ઉમેદવાર સહિત કુલ ૧૫ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા હતા.

સુરતમાં બેફામ લકઝરીએ ટેમ્પો અને રિક્ષાને ટક્કર માર્યા બાદ બસની રાહ જોતા શિક્ષકને કચડ્યો

ડ્રાઈવર સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ ડિવાઈડર પર ચડી ગઈ: અકસ્માત બાદ બસ મૂકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-સુરત)

સુરત,તા.૧૧

પુણા પાટીયા કાંગારૂ સર્કલ પાસે પુરપાટ ઝડપે પસાર થતી લકઝરી બસે ટેમ્પોને ટક્કર માર્યા બાદ રિક્ષાને અડફેટે લઈ ડિવાઈડર પાસે બસની રાહ જોતા શિક્ષકને કચડી નાંખ્યા હતા. ગોડાદરામાં શિવપાર્કમાં રહેતા અને વ્યારાના કેડકુઈની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ભરત રામજીભાઈ લાડુમોર(૩૧) બુધવારે વહેલી સવારે નોકરી પર જવા પુણા પાટીયા પાસે બસની રાહ જોતા હતા. ત્યારે ઉકા તરસાડીયા યુનિ.ની લકઝરી બસના ચાલકે ટેમ્પોને ટક્કર માર્યા બાદ રિક્ષાને ટક્કર મારી ભરતભાઈને કચડી નાંખતા ઘટના સ્થળે જ મોત થયું હતું. સૌથી પહેલા બસની અડફેટે આવેલો ટેમ્પો પલ્ટી જતા તેમાં સવાર ભેસ્તાન આવાસના રસીદા ઈસ્માઈલ શેખ(૫૫)અને પુત્ર રફીક(૩૮)પણ ઘવાતા હાલ રસીદાની હાલત ગંભીર છે.શિક્ષક ભરતભાઈ રોજ વાનમાં જતા હતા પણ છેલ્લા બે દિવસથી વાન ચાલકને કામ હોવાથી બસમાં જતા હતા.

સુરત શહેરના પુણા વિસ્તારમાં આવેલા ગંગા હોટલ પાસે લકઝરી બસનો અકસ્માત સર્જાયો હતો. લાલ દરવાજા તરફથી આવતી ઓમ સાંઈ રામ લકઝરી બસ (GJ-05-Z-1402) પુણામાંથી પસાર થઈ રહી હતી. દરમિયાન ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેથી બસ ડિવાઈડર પર ઉભેલા લોકોને અડફેટે લીધા હતા. જ્યાં લોકો ઉભા રહ્યા હતા. જે પૈકી એકનું બસના ટાયરની નીચે આવી જતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જેથી બસ મૂકીને ડ્રાઈવર ભાગી ગયો હતો. મૃતદેહ બસના પૈડા નીચે ફસાયો હોવાથી પોલીસે મૃતદેહ બહાર કાઢવા ફાયર બ્રિગેડની મદદ લીધી હતી. સામાન્ય રીતે જેકની મદદથી મૃતદેહ બહાર કાઢવામાં આવે પરંતુ આ બનાવમાં બસનું બેલેન્સ બરાબર ન હોવાથી એરબેગની મદદથી બસ ઉંચી કરી મૃતદેહ બહાર કાઢ્યો હતો. બસ અકસ્માતની જાણ થતા પોલીસનો કાફલો પણ દોડી આવ્યો હતો. ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે બસના ભાગી ગયેલા ડ્રાઈવરને શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સાથે મૃતકની ઓળખની દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. ૨૨ દિવસ પહેલા કિમ-માંડવી રોડ પર આવેલા પાલોદગામ નજીક ફૂટપાથ પર ઊંઘી રહેલા શ્રમજીવી પરિવાર પર ડમ્પર ફરી વળતાં ૧૨ લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૮ને ગંભીર હાલતમાં સ્મિમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ૩નું સારવાર દરમિયાન મોત નીપજતાં કુલ મૃતાંક ૧૫ પર પહોંચ્યો હતો.

ખોવાયેલા રૂ.૫૦ હજાર પોલીસે પરત આપ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

બીગબાઝાર પાસે એક વ્યક્તિ જાહેર રોડ ઉપર પોતાનું મોટર સાયકલ રાખીને કંઇક શોધતા હોય જેથી પી.સી.આર. વાન ના ઇન્ચાર્જ સીધ્ધરાજસિંહ સતુભા જાડેજા તે વ્યક્તિ પાસે ગયેલ આ વ્યક્તિએ પોતાનું નામ મોહનભાઇ હાપલીયા હોવાનું જણાવેલ અને પોતે બીગબાજાર ચોકમાં આવેલ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકમાંથી રૂ. ૫૦,૦૦૦/- ઉપાડેલ હોય જે રૂપીયા પોતે એક થેલીમાં રાખી પોતાનું મોટર સાયકલ લઇને નીકળેલ તે દરમ્યાન થોડે આગળ જતા તેના રૂપીયા પડી ગયેલ હોય જેથી પોતે શોધતા હોય. પી.સી.આર. ના ઇન્ચાર્જ સીધ્ધરાજસિંહ સતુભા જાડેજા તથા પી.સી.આર. નં.૨૧ ના ઇન્ચાર્જ ચીરાગભાઇ રમેશભાઇ કલોલા નાઓએ ૧૫૦, ફુટ રીંગ રોડ ઉપર આવેલ દુકાનોમાં સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરતા એક રીક્ષા ચાલક આ રૂપીયા ભરેલી થેલી રોડ ઉપરથી લેતા નજરે આવતા આ રીક્ષા ચાલકના નંબર પોકેટ કોપ એપ્લીકેશનમાં સર્ચ કરતા રીક્ષા માલિકનું નામ સરનામુ મળી આવતા તેની ઘરે જઇ રીક્ષા ચાલકની પુછપરછ કરતા પોતે જણાવેલ કે જાહેર રોડ ઉપર એક થેલી પડેલ જોવામાં આવતા મેં લઇને મારી રીક્ષામાં રાખેલ છે જેથી મોહનભાઇ હાપલીયાના જાહેર રોડ ઉપર પડી ગયેલ રૂ. ૫૦,૦૦૦/- ભરેલ થેલી શોધી તેઓને પરત સોંપી આપેલ છે.

એરપોર્ટ પર બર્ડહિટ માટે જિંગાતળાવ-ડમ્પિંગ સાઇટ જવાબદાર: વૈજ્ઞાનિકો

આજથી એરપોર્ટના ૧૦ કિમીના એરિયાનું ઇન્સ્પેકશન થશે : ખાણી-પીણીની લારી અને હોટલો પણ કારણભૂત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-સુરત)

સુરત,તા.૧૧

બર્ડહિટ મુદ્દે સુરત એરપોર્ટના ૧૦ કિમીના એરિયાનું આજથી ગુરૂવારે ઇન્સ્પેક્શન કરાશે. એરપોર્ટ ડિરેક્ટર અમન સૈનીએ જણાવ્યું કે, કોઇમ્બતુરની સલીમ અલી સેન્ટર ફોર ઓર્નિથોલોજી એન્ડ નેચરલ હિસ્ટ્રીના પ્રિન્સિપાલ સાયન્ટિસ્ટ ડો. પી. પ્રમોદે એરપોર્ટ પર એસએમસી અને એએઆઇના અધિકારી સાથે બેઠક કરી હતી. જેમાં તેમણે જુદા જુદા એરપોર્ટ પર બર્ડ હિટ માટેના જવાબદાર કારણોની ચર્ચા કરી હતી.

અમદાવાદના એરપોર્ટ પર બર્ડ હિટની ઘટના પાછળ મુખ્ય કારણ સાબરમતી નદી પર ફૂડ ખાવા આવતા પક્ષીઓ છે. તેવી જ રીતે સુરત એરપોર્ટ પર બર્ડ હિટ પાછળ પ્રાથમિક કારણ ઝિંગા તળાવ અને ડમ્પિંગ સાઇટ છે. જેથી કમિટી બનાવાઈ છે. જે કમિટી એરપોર્ટના ચારેય બાજુના ૧૦ કિમીના એરિયામાં ફરી કયા કયા પક્ષીઓ કયાં કારણોથી આવે છે તે બાબતની સ્ટડી કરી રિપોર્ટ બનાવશે.

બેઠકમાં એરપોર્ટ પર બર્ડ હિટ માટે ૧૦ કિમીના એરિયામાં આવતા ઝિંગા તળાવ અને ડમ્પિંગ સાઇટ સાથે શાકાહારી-માંસાહારીની ખાણીની લારી અને હોટલોને પણ જવાબદાર ગણાવી

છે એટલે કે, વધતો ખોરાકનો યોગ્ય રીતે નિકાલ નહીં થતો હોવાથી પક્ષીઓને ભોજન માટે આમંત્રણ મળે છે. તે સાથે ઘણી જગ્યાએ પક્ષીઓને ભોજન માટે ચણ નખાતા હોવાનું પણ જણાવ્યું હતું.

સુરતમાં ઉધનામાં પ્રચાર કરતા ભાજપના ઉમેદવારને જાહેરમાં મહિલાઓએ આડા હાથે લીધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-સુરત)

સુરત,તા.૧૧

સુરત: સુરત શહેરના વોર્ડ નંબર ૨૫માં પ્રચાર કરતા ભાજપના ઉમેદવારોને જાહેરમાં મહિલાઓએ એ ઉમેદવારોને આડા હાથે લીધા હોવાના વીડિયો સામે આવ્યા છે. છેલ્લા ૫ વર્ષમાં વોર્ડમાં નહીં થયેલા કામો અંગે રોષ ઠાલવી તમામ કામગીરીના વચનો લેખિતમાં માગતા પ્રચારક નેતાઓ પણ ચોંકી ગયા છે. ઉધના વિસ્તારનો વિડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયા બાદ ચર્ચાનો વિષય બન્યો છે. મહિલાઓની ફરિયાદને નેતાઓએ તાત્કાલિક કાગળ પર લખી માહોલ શાંત પાડવાનો પ્રયાસ કર્યો.

બ્લોક, ડ્રેનેજ અને રસ્તાઓના કામ ન થતા રોષ પ્રચાર સભામાં મહિલાઓએ ભાજપના નેતાઓ અને ઉમેદવારોને કહ્યું કે, બ્લોક, ડ્રેનેજ અને રસ્તાઓના કામ હજી થયા નથી.

પ્રચારમાં મહિલાઓની ફરિયાદને નેતાઓએ તાત્કાલિક કાગળ પર લખી માહોલ શાંત પાડવાનો પ્રયાસ કરતા હોવાનું પણ આ વીડિયોમાં નજરે આવી રહ્યું છે. ધારાસભ્ય રાઉન્ડ પર આવે છે પણ કોઈ કામ કરતા નથી એવું કહેતા તમામ આશ્ચર્યમાં પડી ગયા હતા.

પ્રચાર સભામાં મહિલાઓનો રોષ જોયા બાદ નેતાઓએ કહેવું પડ્યું હતું કે, તમને ફરિયાદ કરવાનો હક છે, અમે તમારી ફરિયાદ કાગળ પર લખીને પ્રદેશ અધ્યક્ષ સુધી લઈ જઈશું, ચોક્કસ ન્યાય મળશે.

ત્યારે મહિલાઓએ કહ્યું કે, તમે તો ભાષણ આપી ચાલી જશો અને ૫ વર્ષ બાદ જ મોઢું બતાવશો, તમામ સમસ્યાઓનો નિકાલ લાવો, અમારો મત તમને જ આપતા આવ્યા છે અને આપતા રહીશું. પણ અમારા કામ ભૂલતા નહીં.

ભાજપ સિવાય કોઈ પાર્ટીએ અંદર આવવું નહિના બેનર લાગ્યાલિંબાયત વિસ્તારમાં આવેલા ગોડાદરાના પટેલ નગરમાં પોસ્ટર વોર શરૂ થઈ ગયું છે. ભાજપ સિવાય કોઈ પાર્ટીએ અંદર આવવું નહિ તેવા લખાણ સાથેના બેનર લાગ્યા છે.

પ્રચાર સભામાં જ ભાજપના ઉમેદવારનો વિરોધ: છેલ્લા ૫ વર્ષમાં વોર્ડમાં નહીં થયેલા કામો અંગે રોષ ઠાલવ્યો

સોસાયટીના પ્રમુખ આદેશ અનુસાર આ લખાણ કરવામાં આવ્યું હોવાનું લખ્યું છે.

ભાજપના ઉમેદવારોએ આ બેનર પાસે ફોટો સેશન કરાવ્યું હતું. જલારામ નગર અને વિજયાનગરમાં વોર્ડ નં ૨૪ના ભાજપના ઉમેદવાર અને પૂર્વ જાહેર બાંધકામ સમિતિ ચેરમેન સોમનાથ મરાઠે સહિતના ઉમેદવારો પ્રચાર માટે ગયા હતા.

જ્યાં કેટલાક રહીશોએ પ્રચારમાં નિકળેલા ઉમેદવારો સામે આક્રોશ સાથે ભાજપ હાય હાયના નારા લગાડ્યા હતા. એટલું જ નહિં પાંચ વર્ષથી તમે ક્યાં હતા? એવા સવાલો ઉઠાવી વિરોધ કરી પેમ્પલેટ પણ ફાડ્યા હતા.

સુરતની હોટલમાં મહારાષ્ટ્રની મહિલા પર બળાત્કાર સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય

કતારગામના યુવકે મેટ્રિમોનિયલ પરથી નંબર મેળવી લગ્નની લાલચ આપી હતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-સુરત)

સુરત,તા.૧૧

સુરતઃ મહારાષ્ટ્રના તુળજાપુરની ૪૨ વર્ષિય પરિણીતાને લગ્નની લાલચ આપીને કતારગામના યુવકે સુરતની હોટલમાં બળાત્કારની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતા ગુનો દાખલ કરાયો છે. મહારાષ્ટ્રના ઉસ્માનાબાદ તુળજાપુરમાં રહેતી ૪૨ વર્ષિય રોશની (નામ બદલ્યું છે) એક સંસ્થામાં કાઉન્સિલર તરીકે નોકરી કરે છે. તેને ૧૫ વર્ષનો એક દીકરો છે. ૨૦૧૮માં રોશની તેના પતિથી અલગ થઈ હતી.

રોશનીએ બીજા લગ્ન માટે મેટ્રિમોનિયલ સાઇટ પોતાનો બાયોડેટા મૂકતા આરોપી શૈલેશ

ગોવિંદ મકવાણા (૩૯, રહે.સ્મૃતિ સોસાયટી, કતારગામ)એ ફોન નંબર મેળવી રોશનીને કહ્યું કે તે લગ્ન કરશે તેથી બંને વચ્ચે શરીર સંબંધ બંધાયા હતા.સુરતની હોટલમાં સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કર્યું હતું. આ સિવાય ભૂજ અને સુરત રેલવે સ્ટેશન પાસેની હોટલ વેટૂોઇન સ્પાઇસ અને તુળજાપુરમાં શૈલેષે સંબંધ બાંધ્યો હતો. શૈલેશ ખર્ચ માટે રોશની પાસેથી અઢી લાખ લીધા હતા. ત્યાર બાદ મળવાનું બંધ કરી નંબર બ્લોક કરી દીધો હતો. જેથી રોશનીએ મહીધરપુરા પોલીસમાં બળાત્કારની ફરિયાદ આપી હતી.

મનપા ચૂંટણીઓ માટે શપથ પત્ર જાહેર કરતી પ્રદેશ કોંગ્રેસ

સરકારી સુવિધાઓ ફ્રી મેળવવા ગુજરાઈટ કાર્ડ, કોન્ટ્રાકટ પ્રથા સંપૂર્ણ રદ

અકસ્માત–ફાયર ઈમરજન્સી સેવા માટે હેલીકોપ્ટર, મહાનગરોના મુખ્ય માર્ગો પર એરપ્યુરીફાયર

ધો.૧ થી અંગ્રેજી માધ્યમનું મફત શિક્ષણ, સત્તા પર આવતા જ બિસ્માર રસ્તાના કામ શરૂ

કોંગ્રેસનો શપથ પત્ર જાહેર કરતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં છ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ માટે વાયદાઓની ભરમાર ધરાવતું શપથ પત્ર આજે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. જેના મહત્વના મુદ્દાઓ લોકોમાં ખુબ જ રસ ઉભો કરે તેવા છે. કોંગ્રેસે શપથ પત્ર જાહેર કરતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે અમે વાયદા નથી લાવ્યા પણ શપથ પત્ર લઈને આયવા છીએ. કોંગ્રેસે જાહેર કર્યું છે કે, સત્તા મળતા વેત મહાનગરોમાં બિસ્માર રસ્તાના કામો ચાલુ કરી દેવામાં આવશે. તમામ મહાનગરોમાં મુખ્ય માર્ગો પર એર પ્યુરીફાયર લગાડવામાં આવશે. અકસ્માતો અને ફાયર ઈમરજન્સી વખતે હેલીકોપ્ટરની સેવા શહેરીજનોને પ્રદાન કરવામાં આવશે એ માટે પવનપુત્ર એર ઈમરજન્સી સેવાનો પ્રારંભ કરવામાં આવશે. મહાનગરોના ધંધાદારીઓને એક વર્ષ માટે વેરા માફી આપવામાં આવશે. ગૃહ ઉદ્યોગોને વેરામાં માફી આપવામાં આવશે.

આમ આદમીને બનતી મહત્વની જાહેરાત કરતા કોંગ્રેસે વાયદો કર્યો છે કે, મનપાની ખાલી જગ્યાઓ પર તુરત ભરતી કરવામાં આવશે અને સત્તા મળ્યાના ૨૪ કલાકમાં કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવામાં આવશે. શહેરીજનોને સરકારી યોજનાઓનો મફત લાભ મળે એ માટે ગુજરાઈટ કાર્ડ બહાર પાડવામાં આવશે. વરસાદી પાણીના નીકાલ માટે વિશ્વ સ્તરની કોરીડોર સર્વીસનો લોકોને લાભ આપવામાં આવશે. કોંગ્રેસે શપથ પત્રમાં એક એવો મહત્વનો વાયદો કર્યો છે કે, મકાન માલીક અને ભાડુઆતોનો એક જ ટેક્ષ રાખવામાં આવશે. ધો.૧ થી અંગ્રેજીનું મફત શિક્ષણ આપવામાં આવશે. શપથ પત્ર પત્રકારો સમક્ષ જાહેર કરતા સમયે ગુજરાઈટ કાર્ડ માટે તૈયાર કરાયેલું ખાસ થીમ સોંગ પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને અન્ય ટોચના આગેવાનો હાજર રહયા હતા. તેમણે એવું પણ જાહેર કર્યું હતું કે, તમામ પ્રકારની યોજનાઓનો શહેરીજનોને લાભ મળે એ માટે એક જ કાર્ડ ઈસ્યુ કરવામાં આવશે.

મકાન માલીક અને ભાડુઆતોનો એક જ ટેક્ષ, ગૃહ ઉદ્યોગો માટે વેરા માફી

કોંગ્રેસ રખડતી ગાયોને કાયમી આશરો આપશે : પરેશ ધાનાણી

પીપીપી ધોરણે મહાનગરોમાં ગૌશાળાઓ શરૂ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ : મનપા ચૂંટણીઓ માટે શપથ પત્ર જાહેર કરતા સમયે ખાસ ઉપસ્થિત વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, મહાનગરોમાં રઝળતી અને રખડતી બીમાર અને અશકત તથા અપગ ગાય માતાઓને કોંગ્રેસ કાયમી આશરો આપશે. એ માટે મહાનગરોમાં પીપીપી ધોરણે ગૌશાળાઓ સ્થાપવામાં આવશે. તેમણે કહયું હતું કે, ગાય માતાઓના રક્ષણ અને એમની કાળજી માટે મહાનગરોમાં કોંગ્રેસ ખાસ પ્રયત્નો કરશે.

બારવણ ગામે છ વર્ષની બાળકી ઉપર દુષ્કર્મ

નવા બનેલા એરપોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફે ગણતરીની કલાકોમાં નરાધમને દબોચી લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

કુવાડવાના બારવણ ગામે પરિવારની છ વર્ષની માસુમ બાળકીને નરાધમે પીખી નાખી દુષ્કર્મ કર્યાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. મુળ રાજસ્થાન ના વતની અને હાલ કુવાડવાના બારવણ ગામે ખેતી કામની મજુરી કરવા આવેલા શ્રમીક પરિવારને તેની માસુમ પુત્રી પર નરાધમે દુષ્કર્મ કર્યાની જાણ થતા તેઓના પગ નીચે થી જમીન સરકી ગઈ હતી બનાવ અંગેની જાણ નવા બનેલા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવતા પી.એસ.આઈ એમસી વાળા સહિતના સ્ટાફે બનાવની ગંભીરતાને ધ્યાને રાખી તપાસનો ધમધમાટ શરૂકરી નરાધમને ગણતરી કલાકોમાં પકડી પાડયો હતો.આ દર્દનાક બનાવની વિગત એવી છેકે બારવણ ગામે રહેતા વિનુભાઈ ભાણજીભાઈ જી વાડીએ ખેતી કામ કરતા આવેલા રાજસ્થાન શ્રમીક પરિવારે આજે બપોરના સમયે અમદાવાદ નેશનલ હાઈ-વે પર બામણબોરા ખાતે આવેલા એરપોર્ટ પોલીસ સ્ટશન ખાતે આવી શ્રમિક પરિવારે પોલીસને જાણ કરી હતી કે તેની છ વર્ષની માસુમ પુત્રી સાથે કોઈએ અઘટીટ કાર્ય કર્યું હોવાની ફરિયાદ કરતા પી.આઈ એમ.સી.વાળા સહિતના સ્ટાફે તાલળ તોબ તપાસ હાથ ધરી હતી ત્યારે માસુમ બાળકીને પીંખી નાખનાર નરાધમની પોલીસે શોધખોળ આદરી હતી

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતુ કે રાજસ્થાન નો વતની અને હાલ બારવણ ગામે મજુરી કામ કરતાં રમલાલ બાબુજી ભીલ નામના નરાધમે માસુમ બાળકી સાથે દુષ્કર્મ કરી તેણીને પીંખી નાખી હોવાની હકકીત મળતા પી.આઈ.એમસી વાળા સહિતના સ્ટાફે ગણતરીની કલાકોમાં જ છ વર્ષની બાળા પર થયેલા દુર્ષ્કમના બનાવનો ભેદ ઉકેલી નાખી નરાધમ રામલાલ નામના રાજસ્થાની શખ્સની ધરપકડ કરી હતી. રાજકોટ શહેરમાં છેલ્લા થોડા સમયથી માસુમ બાળાઓ ઉપર શારીરીક અત્યાચારોની ઘટનાઓ અવાર-નવાર બનવા લાગી છે. મોટાભાગના આવા કિસ્સાઓમાં જાહેર બાંધકામ સાઈટ પર કામ કરી રહેલા મજુર પરિવારોના માસુમ સંતાનો લંપટોની લાલસાનો ભોગ બની રહયા છે. આવા કિસ્સામાં પોલીસની ઝડપી કાર્યવાહી લોકોમાં પ્રશંસાને પાત્ર બની છે. જેમની વય હજુ ૧૦ વર્ષની પણ થઇ ન હોય તેવા માસુમો સાથે શારીરીક અત્યાચાર કરનારા નરાધમો અને લંપટ તત્વો આપણા સમાજમાં જીવી રહયા છે. એ ઘટના સમાજશાસ્ત્રીઓ અને વાલીઓ માટે ચિંતાનો વિષય બની રહી છે. આવી ઘટનાઓમાં પકડાયેલા આરોપીઓ કાયદાની કોઇ છટકબારીનો ગેરલાભ ઉઠાવીને સજામાંથી છટકી ન જાય એ માટે પોલીસ મજબુત કેસ બનાવે એવી લોકોની માંગણી છે.



ચૂંટણી ઢંઢેરો નહીં પણ ગેરેન્ટી કાર્ડ જનતા સમક્ષ રજૂ કરતું 'આપ'

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૧

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખિલ અને શહેર પ્રમુખ રાજભા ઝાલાએ આજે પ્રેસ કોન્ફરન્સ યોજીને કોર્પોરેશનની ચૂંટણી અનુસંધાને ચૂંટણી ઢંઢેરો નહીં પણ ગેરંટી કાર્ડ જનતા સમક્ષ રજુ કર્યું હતું તમામ ૭૨ ઉમેદવારોનેએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી રાજનીતિ કરવા નહીં પણ રાજનીતિ બદલવાના ઉદ્દેશ સાથે કામ કરતી પાર્ટી છે તે ચરિતાર્થ પાર્ટીના

(અનુ.પાના નં.૪ ઉપર)

આમ આદમી પાર્ટીને મત આપીને રાજકોટ મહાનગરપાલિકા વ્યવસ્થા ચલાવવાની તક આપશો તો કામો ગેરેન્ટી સાથે કરીશું : લોખીલ, ઝાલા

SBI બેંકના ૧૫ કર્મીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

રાજકોટમાં બપોર સુધીમાં ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

રાજકોટમાં કોરોના કેસની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે બપોર સુધીમાં ૧૦ કેસ નોંધાયા છે. શહેરમાં કુલ કેસની સંખ્યા ૧૫૫૬૦ પર પહોંચી છે. શહેરની અલગ અલગ હોસ્પિટલમાં ૯૭ દર્દી સારવાર હેઠળ છે. ગઇકાલે બુધવારે ૩૮ દર્દી કોરોનામુક્ત થતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. જ્યારે અત્યાર સુધીમાં ૧૪૬ લોકોના કોરોનાથી મોત થયા હોવાનું તંત્રના ચોપડે નોંધાયું છે.

બુધવારે અલગ અલગ સ્થળોએ ૭૩૯ આરોગ્ય કર્મીઓ અને ફ્રન્ટલાઈન વર્કર્સને કોરોના સામેની વેક્સિન આપવામાં આવી હતી. રાજકોટમાં SBI બેંકના ૧૫ કર્મચારી કોરોના પોઝિટિવ આવ્યાં છે. પહેલા ૭ કર્મી પોઝિટિવ આવ્યા હતા. જે બાદ આજે વધુ ૮ કર્મી પોઝિટિવ આવ્યાં છે. રાજકોટ જિલ્લામાં કુલ કોરોનાના કેસ કરતા પણ વેક્સિન લીધી હોય તે લોકોની સંખ્યા વધી ચૂકી છે.

દરરોજ ૪૦થી ૪૫ની સંખ્યામાં કેસ આવી રહ્યાં છે જ્યારે તેના કરતા ૧૦ ગણી સંખ્યામાં લોકો રસી લઈ રહ્યાં છે અને થોડા જ દિવસોમાં આ પૈકીના ઘણા લોકો બીજો ડોઝ લીધા બાદ કોરોનાથી સુરક્ષિત પણ રહી શકશે. રાજકોટ સહિત જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૨૪૨૨ પર પહોંચી છે.

તેની સામે શહેરમાં ૧૮૫૯૮ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૭૪૬ લોકોએ રસી લેતા કુલ વેક્સિનેશનનો આંક ૩૧૩૪૪ થયો છે. હજુ પણ વેક્સિનનો ટાર્ગેટ ૬૦ ટકા સુધી જ પહોંચ્યો છે. અને ૮૦ ટકાએ પહોંચી ગયા બાદ બીજા ડોઝની કાર્યવાહી થશે.

રાજકોટ મનપાની ચૂંટણીઓના જંગમાં ધીમેધીમે આવતી ગરમી, ઉમેદવારો કામે લાગ્યા

રાજકોટ મનપા ચૂંટણીના પરિણામો પર જ્ઞાતીવાદની અસર નક્કી, શું રાજકોટ મનપાના પરિણામો અણધાર્યા અને અવનવા રહેશે ?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૧

રાજકોટ મહાનગરપાલિકાનો ચૂંટણી જંગ હવે ઉમેદવારો અને મતદારો વચ્ચે સીધ્ધા સંપર્ક અને રીસામણા-મનામણાના નિર્ણાયક તબક્કામાં પહોંચી ચુકયો છે. ઉમેદવારો હવે પોતપોતાના વોર્ડની શેરી-ગલ્લીઓમાં ટેકેદારોને લઇને ઘુમવા લાગ્યા છે અને હાથ જોડીને મતદારો પાસે મત માંગવાની નિયમીત અને પરંપરાગત સ્ટાઇલ અપનાવવાનું શરૂ કરી દીધુ છે. પ્રચાર જંગ હવે ધીમેધીમે પરાકાષ્ટા તરફ જઇ રહયો છે. ત્યારે રાજકીય નિરિક્ષકો અને રાજકોટના રાજકારણથી પરિચીત અભ્યાસુ વર્તુળોમાં ભાવી પરીણામો અંગે અલગ-અલગ થીયરીની ચર્ચા અને મંથનનો પણ પ્રારંભ થઇ ગયો છે. મોટા ભાગના રાજકીય ખેલંદા એવો મત વ્યકત કરી રહયા છે કે, સ્થાનિક ચૂંટણીઓમાં મતદાનની દિશા અને તરાહ વિકાસના પાયા પર નહીં પણ જ્ઞાતીવાદના પાયા પર જ નિર્ધારીત રહેવાની પુરેપુરી શકયતા જોવામાં આવી રહી છે. એક નિષ્ણાંત વર્ગ એવું માને છે કે, રાજકોટ મનપાના આગામી પરિણામો અવનવા અને અણધાર્યા રહેવાની સંભાવના સાવ નકારી શકાય નહીં. આવું કેમ બોલવામાં આવે છે. તેનું પિષ્ટપેષણ થવું જરૂરી બન્યું છે. વિચાર મંથનમાંથી અવનવી થીયરી ઉભરીને સામે આવી રહી છે. પણ એ થીયરી તો નક્કી જ છે કે દરેક સ્થાનિક ચૂંટણીમાં વિકાસના મુદ્દાઓ પર હંમેશા જ્ઞાતીવાદ ભારે પડતો હોય છે. મુખ્ય રાજકીય પક્ષો હોય કે રાજકારણમાં નવાસવા પ્રવેશેલા દેશના પ્રાદેશીક પક્ષો હોય એમના ઉમેદવારોની નામાવલીની ચકાસણી રસપ્રદ ચિત્ર ઉભુ કરે છે. દરેક યાદીમાં ઉમેદવારોની ભુતકાળની કામગીરી કરતા એ ઉમેદવારની જ્ઞાતીનું વોર્ડમાં કેવડુ અને કેવું વર્ચસ્વ છે એ ધ્યાનમાં રાખવામાં આવ્યું હોય એવું પહેલી નજરે તરી આવે છે.

વિકાસ અને સમસ્યાઓના બદલે મતદાન પર જ્ઞાતીવાદનું રાજકારણ છવાઇ જશે ?

તમામ પક્ષોએ અને ખાસ કરીને ભાજપ તથા કોંગ્રેસે વોર્ડ વાઇઝ જ્ઞાતી વર્ચસ્વ મુજબ ટિકિટો આપતા ભારે ચર્ચા, સ્થાનિક ચૂંટણીઓમાં આમ પણ હંમેશા પક્ષ કરતા સ્થાનિક જ્ઞાતીવાદનું વધુમાં વધુ જોર રહયાનો ઈતિહાસ

રાજકીય નિરિક્ષકોના મતે મતદાનની પેટર્ન પર જ્ઞાતીવાદનો જ ઓછાયો છવાઇ રહેવાની પુરી શકયતા

રાજકીય પક્ષો ભલે વિકાસના દાવા કરે પણ મુરતીયા તો જ્ઞાતીના જોરના આધારે જ પસંદ કરવાની મજબુરી

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.